રજીસ્ટ્રેશન નં.: GUJGUJ/2014/59295

RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 346* Date: 13.10.2022, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

પુતિનની સેના માટે કાળ બન્યા અલકાયદા અને હૂતિઓના અચુક હથિયાર

યુક્રેનની સેનાએ જંગમાં સુપર પાવર કહેવામાં આવતા રશિયાની સેનાની નાકમાં દમ કરી દીધો છે

કીવ,તા.૧૨

યુક્રેનની સેનાએ જંગમાં સુપર પાવર કહેવાતા રશિયાની સેનાની નાકમાં દમ કરી દીધો છે અને દેશના હજારો કિલોમીટરના વિસ્તારને રશિયાના કબજામાંથી મુકત કરાવી દીધો છે.યુક્રેનની સેના જમીનની સાથે દરિયામાં પણ તબાહી મચાવી રહ્યું છું અને ગત દિવસોમાં તેણે રશિયાની શાન રહેલ મોસ્કવા યુધ્ધપોતને દરિયામાં જ બરબાદ કરી દીધુ હતું આ દરમિયાન ખુલાસો થયો છે કે અત્યાધુનિક હથિયારો અને મિસાઈલોથી સજજ રશિયન સેનાને માત આપવા માટે યુક્રેનના સૈનિક અલકાયદા અને હુતી વિદ્રોહીઓવાળી જુગાડ પોતાની રહી છે.યુક્રેનના આ હથિયારોનું નામ છે વિસ્ફોટકોથી સજજ ડ્રોન જેને વાટરક્રોફટના સાધનોથી જોડીને બનાવવામાં આવ્યું છે.

ગત મહીને ક્રીમિયાની નજીક રશિયાના નૌસૈનિક અડ્ડા સેવાસ્તોપોલની પાસે કાળા સાગરમાં એક અજાણ્યા માનવરહિત વોટરક્રાફટ વહીને આવ્યું હતું રશિયાની સોશલ મીડિયામાં તેની તસવીર વાયરલ થઈ હતી તેમાં નજરે આવી રહ્યું હતું કે આ ખુબ નાના ડ્રોન છે જેને વોટરફોફટના સાધનોથી જોડીને બનાવવામાં આવ્યું હતું તેની અંદર મોટી માત્રામાં વિસ્ફોટક ભરેલ હતો આ ખુલાસા બાદ રશિયાએ પોતાના યુધ્ધ જહાજોને લગભગ ત્રણ સપ્તાહ સુધી બંદરગાહ પર જ રાખ્યા હતાં આ ડ્રોનને બનાવનારનો ખુલાસો કરવામાં આવ્યો નથી પરંતુ નેવલ ન્યુઝના જણાવ્યા અનુસાર તેની ખાસિયત અને રશિયાની પ્રતિક્રિયાને જોતા લાગી રહ્યું છે કે તેને યુક્રેને બનાવ્યા હતાં.

આ દરિયામાં ચાલનારા ડ્રોન શોકિયા ચલાવનારા વોટર જેટ જેવા સી ડ્રૂથી બનાવવામાં આવ્યા છે સી ડ્રૂ કંપની દુનિયાભરમાં વાટરજેટ વેચે છે. આથી આ સરળતાથી કયાંયથી પણ ખરીદી શકાય છે.આ રોટેકસના એન્જીનથી ચાલે છે અને તેની સ્પીડ ૭૦ મીલ પ્રતિકલાક હોય છે આ ડીઝલ અથવા ઈલેકટ્રોનિક બંન્ને જ બળતણથી ચાલે છે આ દરિયાઈ ડ્રોનમાં વિસ્ફોટની પધ્ધતિ ડ્રોન વિમાનોવાળી જ હોય છે તેમાં હવાઈ બોંબવાળા ફયુઝ લાગેલા હોય છે જેનો ઉપયોગ મોટા પાયા પર થાય છે આ ફયુઝ એક કેબલથી ડેટોનેટર અને વારહેડથી કનેકટ રહે છે.અનુમાન અનુસાર આ ડ્રોનનો આગળનો ભાગં બારૂદથી ભરેલ હોય છે આ યુક્રેની સી ડ્રોનને સંભવત એલ્યુમિનિયમથી બનાવવામાં આવ્યો છે.દુનિયામાં યમનના હૂતી વિદ્રોહી અને અલકાયદા આતંકી આ રીતના દરિયાઈ ડ્રોનનો તાજેતરના વર્ષોમાં ઉપયોગ કરી ચુકયા છે.નેવલ ન્યુઝના રિપોર્ટ અનુસાર ઈરાનની સેનાએ સંભવત હુતી વિદ્રોહીઓને આ રીતના ઘાતક ડ્રોનને બનાવવાની તાલિમ આપી છે વર્ષ ૨૦૧૭માં સાઉદી આરબના યુધ્ધ જહાજ અલ મદીનાહ પર હુતી વિદ્રોહીઓએ આ રીતના ડ્રોનથી હુમલો કર્યો હતો જેમાં બે નાવિકોના મત થયા હતાં અમેરિકી સેનાએ પણ આ હુમલાની પુષ્ટી કરી હતી.દરમિયાન રશિયા અને યુક્રેનની લડાઈ હવે તે મોરચા પર પહોંચી ચુકી છે જયાં હવે પરમાણુ હુમલાની ચર્ચા થઈ રહી છે.ક્રીમિયા બ્રિજ પર હુમલા બાદ નારાજ પુતિને યુક્રેન પર મિસાઈલો અને બોંબનો વરસાદ કર્યો છે.યુક્રેનના કીવ ખારકીવ જેવા શહેરોમાં પુતિને બોંબથી વરસાદ કરાવ્યો છે.

કુટનીતિક વર્તુળો,લશ્કરી પ્રતિષ્ઠાનોમાં હવે એ વાતની ચર્ચા થઈ રહી છે કે પુતિન યુક્રેન પર ટેકિટકલ ન્યુકિલયર હુમલો પણ કરી શકે છે.

જો પુતિન યુક્રેન પર પરમાણુ હુમલો કરી દે તો અમેરિકાની શું પ્રતિક્રિયા હશે એ સવાલના જવાબમાં રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું હતું કે આવી સ્થિતિમાં પેંટાગનને પ્રતિક્રિયા આપવા માટે કોઈને પુછવાની જરૂર રહેશે નહીં પેંટાગન અમેરિકાના રક્ષા મંત્રાલયનું નામ છે બાઈડેનના જવાબથી સ્પષ્ટ થાય છે કે આવી કોઈ પણ પરિસ્થિતિ આવવા પર અમેરિકા ઘાતક જવાબ આપવા તૈયાર છે. યુક્રેનમાં અમેરિકા અને નાટો માટે રેડ સાઈન શું હશે અને જો પુતિન યુક્રેનમાં પરમાણુ સંયંત્ર પર બોંબમારો કરે છે અથવા ટેકિટકલ પરમાણુ હથિયારનો ઉપયોગ કરે છે તો શું તેના જવાબમાં બાઈડેને કહ્યું કે અમે શું કરીશું શું નહી આ બાબતમાં વાત કરવી મારા માટે બિન જવાબદારીપૂર્ણ હશે ઈડોનેશિયામાં જી ૨૦ની બેઠકમાં પુતિનની મુલાકાત કરશો તેના જવાબમાં બાઈડેને પુતિનને મળવાનો ઈન્કાર કર્યો નહીં પરંતુ તેમણે કહ્યું કે તેની સાથે શરત પણ છે તેમણે કહ્યું કે મારો તેમને મળવાનો કોઈ ઈરાદો નથી પરંતુ જોવા જો તે જી ૨૦માં મારી પાસે આવે અને કહે કે તે ઝિનરની મુક્તિ બાબતમાં વાત કરવા ઈચ્છે છે તો હું તેમને મળીશ.

એક મૃતદેહના પદ ટુકડા કરી માનવ માંસ ખાવાની આશંકા, ત્રણેય આરોપીઓની ધરપકકડ કરાઈ

મુખ્યમંત્રી પિનરાઈ વિજયને આ ઘટના પર શોક વ્યક્ત કરતાં કહ્યું કે, માત્ર માનસિક રીતે બીમાર લોકો જ આવા ગુના કરી શકે છે.

કોચી,તા.૧૨

કેરળના માનવ બલિદાન કેસમાં પોલીસે બુધવારે ચોંકવનારો ખુલાસો કર્યો છે. પોલીસે જણાવ્યું કે, ડોકટર દંપતીએ ૨ મહિલાઓને પહેલા બાંધીને તેમના પર ત્રાસ ગુજારીને તેમની બલિ ચઢાવી છે. એક મૃતદેહના પદ ટુકડાઓ કરી તેની લાશ પણ ખાધી હતી. જોકે, પોલીસે હજી સુધી માનવ માંસ ખાવાની પુષ્ટિ કરી નથી, પરંતુ પુરાવા આ તરફ જ જઈ રહ્યા છે. પોલીસે જણાવ્યું કે આરોપીઓએ બંને મહિલાઓની છાતી પણ ચીરી નાખી હતી.

કેરળમાં ૨ મહિલાઓની બલિ ચઢાવવાના કેસમાં મંગળવારે એટલે કે ૧૧ ઓક્ટોબરના રોજ સામે આવ્યો હતો. આ ઘટના ૨૭ સપ્ટેમ્બરની છે. કેરળનાં ત્રિરુવલ્લામાં અંધશ્રદ્ધાના કારણે ડોકટર ભગાવલ સિંહ અને તેમની પત્ની લૈલાએ ૨ મહિલાઓનું ગળું કાપીને હત્યા કરી નાખી. ત્યારબાદ બંને મૃતદેહોના ટુકડા કરી દફનાવી દીધા હતા. આરોપીઓને એવો વિશ્વાસ હતો કે આવું કરવાથી તેમના ઘરમાં સંપત્તિ આવશે અને ધનલાભ થશે. આ કામમાં મોહમ્મદ શફી નામના તાંત્રિકે તેમની મદદ કરી હતી. મંગળવારે ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

ત્રિરુવલ્લાના રહેવાસી ડોકટર ભાગવલ લાંબા સમયથી આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા. તેની પત્ની લૈલાએ પેરુમ્બવૂરમાં રહેતા તાંત્રિક શફીનો સંપર્ક કર્યો. તેમણે કહ્યું- માનવ બલિ આપવાથી જ ભગવાન ખુશ થશે. તેણે બે મહિલાઓને બલિદાન આપવાનું કહ્યું. સાથે જ કહ્યું કે તે મહિલાઓ માટે બલિદાનની વ્યવસ્થા કરશે. તે વ્યક્તિઓનું અપહરણ પણ કરતો હતો. પોલીસે તેને આ કેસમાં મુખ્ય આરોપી બનાવ્યો છે. લૈલાએ ફેસબુકના માધ્યમથી તાંત્રિકનો સંપર્ક કર્યો હતો. શિહાબ કલાડી અને કદવંતરાની રહેવાસી બે મહિલાઓ પૈસા અને કામની લાલચ આપીને ત્રિરુવલ્લા લાવ્યો હતો. અહીંથી ડોકટર દંપતી અને શિહાબ બંનેને પથનામથિટ્ટાના એલાંથુર લઈ ગયા. તેમણે અહીં તંત્ર દ્વારા તેમના બલિદાન ચઢાવી દીધી હતી. બંને મહિલાઓને એલાંથુરમાં જ દફનાવવામાં આવી હતી. પોલીસ ગુમ થયેલી મહિલાની શોધમાં તેના મોબાઈલના લોકેશન દ્વારા ત્રિરુવલ્લા પહોંચી હતી. ત્યાંના સીસીટીવીફ ફૂટેજ દ્વારા જાણવા મળ્યું કે મહિલાનો ડોકટર સાથે સંપર્ક હતો. પોલીસે ડોકટર દંપતીને કસ્ટડીમાં પૂછપરછ કરી તો તેમણે સમગ્ર રહસ્ય ખોલ્યું. માનવ બલિદાન આપવાના ઈરાદા સાથે કથિત રીતે બે મહિલાઓની કેરળ હત્યા કેસમાં ત્રણ આરોપીઓને બુધવારે સવારે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જયાં તેમને ૧૫ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. આરોપી ભગવાલ સિંહ, તેની પત્ની લૈલા અને મોહમ્મદ શફીના નિવેદન ગઈકાલે જ નોંધવામાં આવ્યા હતા. આરોપીઓએ કથિત રીતે મહિલાઓની આર્થિક તંગી દૂર કરવા અને સમૃદ્ધિ મેળવવા માટે બલિદાન આપ્યા હતા.

પોલીસનું કહેવું છે કે હત્યારાઓએ એક મહિલાના પદ ટુકડા કરી નાખ્યા હતા અને તેને ખાઈ પણ ગયા હતા. પોલીસનું કહેવું છે કે હત્યા બાદ આરોપીએ મહિલાના શરીરનું માંસ પણ ખાધું હતું. રાજય પોલીસે વિગતવાર પૂછપરછ માટે આરોપીની કસ્ટડી માંગી હતી.

જોકે, એર્નાકુલમ જિલ્લા સેશન્સ કોર્ટે ત્રણેય આરોપીઓને ૨૬ ઓક્ટોબર સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા છે.મુખ્યમંત્રી પિનરાઈ વિજયને આ ઘટના પર શોક વ્યક્ત કરતાં કહ્યું કે, માત્ર માનસિક રીતે બીમાર લોકો જ આવા ગુના કરી શકે છે. આવા કાળા જાદુ સભ્ય સમાજ માટે જોખમ છે પોલીસ આ બારામાં એક દંપતી સહિત ત્રણ લોકોની અટક કરી છે. પોલીસે જણાવ્યું હતું કે જે મહિલાઓની હત્યા કરાઈ હતી તે રસ્તા પર લોટરી વેચતી હતી. આરોપીઓએ પોતાની આર્થિક તંગી દુર કરવા અને સમૃદ્ધિ મેળવવા કથિત રીતે બે મહિલાની બલિ ચડાવી દીધી હતી.પોલીસે જણાવ્યું હતું કે પહેલા મહિલાનુ ગળુ દબાવી દેવાયું હતું. પછી તેમના શરીરના ટુકડા કરવામાં આવ્યા હતા. તેમને પથમથિટ્ટા જિલ્લાના તિરુવલ્લામાં બે જુદા જુદા સ્થાને દફનાવાઈ હતી. આ મહિલાઓની વય ૫૦ વર્ષની આસપાસ હતી.

કેરળના મુખ્યમંત્રી પી.વિજયને આ ઘટના પર આશ્ચર્ય વ્યક્ત કરીને જણાવ્યું હતું કે માનસિક રીતે બીમાર લોકો આવા અપરાધ કરે છે.દરમિયાન, માનવ બલિદાનનો કિસ્સો પ્રકાશમાં આવ્યા પછી, રાજયમાં શાસક કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી) ના યુવા સંગઠન ડેમોક્રેટિક યુથ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડીવાયએફઆઈ) એ મંગળવારે નજીકના એલાંથુરમાં વિરોધ કૂચ કરી. તે ઘર જયાં કથિત રીતે કાળા જાદુ હેઠળ મહિલાઓને બલિદાન આપવામાં આવ્યું .

ભગવાન શ્રી રામે ક્યારેય પણ જાતિવાદનું પાલન નથી કર્યું: આરએસએસ

નવીદિલ્હી,તા.૧૨

આરએસએસના મહાસચિવ દત્તાત્રેય હોસબલેએ ભગવાન શ્રી રામ અને મહારાણા પ્રતાપનું ઉદાહરણ આપીને લોકોને જાતિવાદ છોડીને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન કરવા માટે આહવાન કર્યું છે. તેમણે કહ્યું કે, 'ભગવાન શ્રી રામે ક્યારેય પણ જાતિવાદનું પાલન નથી કર્યું. તેમણે એક નિમ્ન વર્ગની ભક્ત શબરીના ત્યાં બોર ખાધ્યા. અહીં સુધી કે, મહારાણા પ્રતાપની સેનામાં પણ 'ભીલ' અને અન્ય જાતિના લોકો શામેલ હતા, જે તેમની સાથે શેર કરવામાં આવેલા સૌહાર્દપૂર્ણ સંબંધને દર્શાવે છે. જ્યારે તેમને ભેદભાવ નથી કર્યો, તો આપણે કેમ આવું કરી રહ્યા છીએ? આપણે આ ક્યારેય પણ ભૂલવું જોઈએ નહીં કે, આપણે બધા હિન્દુ છીએ અને આપણે ભાઈઓ છીએ.'

હોસબલે રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે, જ્યારે દેશ આપણને બધું આપે છે, તો આપણે તેને કંઈક પાછું આપવાનું પણ શીખવું જોઈએ. આપણી વચ્ચે કોઈ ભેદભાવ ન હોવો જોઈએ અને આપના મનમાં સ્વાભિમાન, રાષ્ટ્રના પ્રતિ પ્રેમ હોવો જોઈએ.

હોસબલેએ હજારો લોકોને સંબોધિત કરતા કહ્યું કે, બધાએ પોતાના બાળકોમાં દેશભક્તિની ભાવના જાગૃત કરવી જોઈએ. જેથી તે મોટા થઈને સારાં નાગરિક બની શકે. જો કે, 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ' સ્વતંત્રતા આંદોલનના નારા હતા. એટલે જ, આપણે તેમનો પણ જપ કરવો જોઈએ.

અમેરિકાની ન્યૂઝવિક પત્રિકામાં પ્રકાશિત એક લેખ 'આપણે બધા હિન્દુ છીએ'નો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, 'યોગ, આયુર્વેદ દુનિયાને હિન્દુત્વની દેન છે. આપણે બધા હિન્દુ છીએ. આપણને આના પર ગર્વ થવો જોઈએ.' તેમણે સંઘના ત્રણ વર્ષ બાદ આવનારા શતાબ્દી વર્ષના અવસરે સમાજ પાસે ભારતને સમૃદ્ધ અને શક્તિશાળી બનાવવામાં યોગદાન આપવા માટે આહવાન કર્યું. આની સાથે જ તેમણે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો.વાસ્તવમાં પાલી શહેરમાં અંદાજે ૧૫ વર્ષ બાદ આરએસએસના કોઈ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્તરના પદાધિકારીઓ સામાન્ય જનતા સામે આવ્યા. આ દરમિયાન હોસબલેએ એક જ લાઈનમાં કહેવાનો પ્રયત્ન કર્યો કે, 'દેશ આપણને આપે છે, આપણે પણ કંઈક આપવાનું શીખવું જોઈએ.' તેમણે કહ્યું કે, 'રાષ્ટ્રને સમૃદ્ધશાળી બનાવવું, શક્તિશાળી બનાવવું આ જ સંઘનો ઉદ્દેશ્ય છે. ભેદભાવ ન હોય, બધામાં આત્મસન્માન, મનમાં રાષ્ટ્રના પ્રતિ પ્રેમ હોય, રાષ્ટ્રનું દેવું આપણે કેવી રીતે ઉતારી શકીએ? એવા વિચાર આવ્યા એટલે જ સંઘની સ્થાપના થઈ છે.'

ભાજપના ધારાસભ્ય સહિત ૧૨ લોકો દોષી પુરવાર, બે વર્ષની જેલની સજા ફટકારાઈ

મુઝફ્ફરનગર,તા.૧૨

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં ૨૦૧૩ના કોમી રમખાણોનું મૂળ હોવાનું કહેવાતી કવલ ઘટનામાં ગુનેગારો માટે સજાની જાહેરાત કરવામાં આવી છે. એક વિશેષ સાંસદ/ધારાસભ્ય અદાલતે ભાજપના ધારાસભ્ય વિક્રમ સૈની અને અન્ય ૧૧ને દોષિત ઠેરવ્યા. બેને સજા સંભળાવી. વર્ષની કેદ અને દંડ. જો કે, તમામને વ્યક્તિગત બોન્ડ પર પણ મુક્ત કરવામાં આવ્યા હતા.

વિશેષ સાંસદ/ધારાસભ્ય કોર્ટના ન્યાયાધીશ ગોપાલ ઉપાધ્યાયે ખતૌલી વિસ્તારના બીજેપી ધારાસભ્ય વિક્રમ સૈની અને અન્ય ૧૧ આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૩૬ (જીવનને જોખમમાં મૂકવું), ૩૫૩ (સત્તાવાર કામમાં અવરોધ લાવવાના ઈરાદા સાથે ફોજદારી હુમલો), ૧૪૭ (હુલ્લડો) હેઠળ દોષિત ઠેરવ્યા હતા. ૧૪૮ (ઘાતક હથિયારો સાથે તોફાનો), ૧૪૯ (ગેરકાયદેસર રીતે ભીડ એકઠી કરવી) અને ક્રિમિનલ લો એમેન્ડમેન્ટ એક્ટની કલમ ૭ હેઠળ દોષિત, બે વર્ષની કેદ અને દરેકને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ.જો કે, સજા પછી, ભાજપના ધારાસભ્ય અને અન્ય દોષિતોને ૨૫,૦૦૦ રૂપિયાની બે જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. આ તમામને જામીન મળ્યા પહેલા કેટલાક કલાકો સુધી ન્યાયિક કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા. જામીન મળ્યા બાદ હવે તેઓ કોર્ટના નિર્ણયને હાઈકોર્ટમાં પડકારી શકશે. મુઝફ્ફરનગર રમખાણોનું મુખ્ય કારણ ગણાતી કવલ ઘટનામાં બીજેપી ધારાસભ્ય વિક્રમ સૈની અને અન્ય ૨૬ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો હતો.ઓગસ્ટ ૨૦૧૩માં કવલ ગામમાં છેડતીના કેસમાં ગૌરવ, સચિન અને શાહનવાઝ નામના ત્રણ યુવકોની હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાએ સાંપ્રદાયિક રંગ લીધો હતો. ગૌરવ અને સચિનના અંતિમ સંસ્કાર કર્યા બાદ પરત ફરી રહેલા ટોળાએ હિંસક વલણ અપનાવ્યું હતું અને ઘણા ઘરોને આગ ચાંપી દીધી હતી.

પેટ્રોલ ભરવાની બાબતને લઈ વિવાદ થતાં વેપારીની ગોળી મારી હત્યા

બરેલી,તા.૧૨

બરેલીના ફરીદપુરામાં લખનૌના વેપારીની ગોળી મારી હત્યા કરી દેવામાં આવી છે.વાત ફકત એટલી જ હતી કે વેપારી અરવિંદ ત્રિવેદી રાતને ઘરે પહોંચવા સમયે પેટ્રોલ ભરાવવા માટે પેટ્રોલ પંપ પહોંચ્યો હતો પરંતુ રાત વધુ થઈ ગઈ હોવાનું બહાનું બતાવી કર્મચારીએ પેટ્રોલ આપવાનો ઈન્કાર કરી દીધો હતો આથી વેપારી અને પેટ્રોલ પંપના કર્મચારી વચ્ચે તેને લઈ બોલાચાલી થઈ હતી.જયારે પેટ્રોલ પંપ કર્મચારીએ પેટ્રોલ ભરવાનો ઈન્કાર કર્યો તો ગુસ્સામાં આવી વેપારીએ તેની ફરિયાદ રજીસ્ટર માંગ્યું જયારે વેપારીને રજીસ્ટર ન મળ્યું તો ચર્ચા વધુ ઉગ્ર બની ગઈ આ દરમિયાન પાછળથી એક સેલ્સમેને વેપારીને ગોળી મારી હતી અને વેપારીની હત્યા કરી દીધી હતી ત્યારબાદ બંન્ને આરોપીઓએ મળીને વેપારીની કાર પર પેટ્રોલ છાંચી તેને સળગાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેમને માચીસ મળી ન હતી આથી તેઓ ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતાં.આ ઘટનાની જાણ પોલીસને થતા તે ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી માહિતી અનુસાર અરવિંદ પોતાના એક મિત્ર અને ડ્રાઈવરની સાથે પેટ્રોલ પંપ પર પેટ્રોલ ભરાવવા માટે પહોંચ્યો હતો ગોળીબારની ઘટના બાદ તે બંન્નેએ જ પોલીસને જાણ કરી હતી એસપી રાજકુમાર અગ્રવાલે કહ્યું કે આરોપી કર્મચારીઓને હિરાસતમાં લઈ પુછપરછ કરવામાં આવી રહી છે અને તેમની વિરૂધ્ધ હત્યાનો કેસ દાખલ કરવામાં આવ્યો છે.

તા.૧૬ થી ચૂંટણીપંચની ટીમ પાંચ દિવસ ગુજરાતમાં : રાજકોટ આવશે

રાજકોટ,તા.૧૨

ગુજરાતમાં ધારાસભા ચૂંટણીની જાહેરાત હવે નજીક આવી રહી છે. હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના રાજયમાં સતાવાર કાર્યક્રમો પણ હવે અંતિમ તબકકામાં છે તે વચ્ચે તા.૧૬ના રોજ ફરી એક વખત ચૂંટણી પંચની ટીમ તા.૧૬થી ગુજરાતની મુલાકાતે આવશે અને તા.૨૧ સુધી ચૂંટણીપંચની ટીમ રાજયના વિવિધ જીલ્લાઓની મુલાકાત લેશે.

આ ટીમ ચૂંટણીપંચના નવા નિયુક્ત નાયબ ચૂંટણી કમિશ્નર શ્રી અજય ભાદુના નેતૃત્વ હેઠળ આવશે તેવા સંકેત છે. ગુજરાત આઈએએસ કેડરના શ્રી ભાદુની હાલમાં જ નાયબ ચૂંટણી કમિશ્નર તરીકે નિયુક્તિ થઈ છે અને તેઓ આગામી દિવસમાં ગુજરાતની ચૂંટણી તૈયારીની સમીક્ષા કરીને આખરી રિપોર્ટ ચૂંટણીપંચને આપશે.

તંત્રી સ્થાનેથી...

એક જમીની નેતાનું અવસાન

મુલાયમ સિંહ યાદવનું દેહાવસાન સમાજવાદી ધારાના એક એવા નેતાનું જવું છે, જેણે પોતાના બળે રાજકારણમાં મૂળિયાં નાખ્યાં અને તેને પોતાના હિસાબે દિશા પણ આપી. જનતા દળ પરિવારમાંથી નીકળીને મુલાયમ સિંહે જ્યારે સમાજવાદી પાર્ટી બનાવી, ત્યારે એ કહેવું કઠિન હતું કે એક દિવસે તે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી બનશે. તેઓ એક નહીં, ત્રણ વાર મુખ્યમંત્રી બન્યા અને એક વખત પુત્ર અખિલેશ યાદવને પણ આ પદ સુધી પહોંચાડવામાં સફળ રહ્યા. મંડલ રાજનીતિના દોરમાં તેમણે સમાજવાદી પાર્ટીના પ્રમુખ રૂપે કેન્દ્રની રાજનીતિમાં પણ પહોંચ વધારી, સાથે જ રાષ્ટ્રીય મોરચા સરકાર સમયે રક્ષા મંત્રાલય જેવી મહત્ત્વપૂર્ણ જવાબદારી પણ સંભાળી.

એક સમયે તેઓ વડાપ્રધાન પદના દાવેદાર પણ બન્યા, પરંતુ તેમને સહયોગી પક્ષોના નેતાઓનો સાથ ન મળ્યો. મુલાયમ સિંહ તેના માટે પણ યાદ કરવામાં આવશે કે એક વોટથી વાજપેયી સરકાર ગબડી ગયા બાદ તેમણે સોનિયા ગાંધીને વડાપ્રધાન બનવાથી રોક્યા. એ જ રીતે તેમણે અબ્દુલ કલામને રાષ્ટ્રપતિ બનાવામાં પણ સક્રિય ભૂમિકા નિભાવી. તેઓ પોતાના અણધાર્યા નિર્ણયો માટે જાણીતા હતા. કેટલીય વાર તેમનાં કથન અને તેમની રાજકીય રણનીતિ ચોંકાવનારી રહેતી. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલાં તેમણે લોકસભામાં પોતાની પાર્ટી અને અન્ય વિપક્ષી દળો સાથે આખા દેશને એમ કહીને ચોંકાવ્યો હતો કે તેમની ઇચ્છા છે કે નરેન્દ્ર મોદી ફરીથી વડાપ્રધાન બને.

ક્યારેક કોંગ્રેસનો વિરોધ અને હંમેશાં ભાજપ વિરોધની રાજનીતિ માટે ઓળખાતા મુલાયમ સિંહ રાજકીય વિરોધીઓનો પ્રબળ વિરોધ કરવાની સાથે જ તેમનું સન્માન કરવા માટે પણ ઓળખાતા હતા. એ જ કારણે તેમનો સંપર્ક-સંવાદ તમામ પક્ષોના નેતાઓ સાથે હતો. મુલાયમ સિંહ અલગ પ્રકારના નેતા હતા. જોકે તે જમીન સાથે જોડાયેલા નેતા હતા, તેથી ધરતીપુત્ર રૂપે ઓળખાતા હતા. તેમણે એક રીતે શૂન્યથી શિખર સુધીની સફર પોતાના દમ પર ખેડી. તેઓ રાજકીય અને અંગત જીવનમાં જેમનો સાથ આપવાનું નક્કી કરતા, તેમનું સમર્થન નુકસાન વેઠીને પણ કરતા. મુલાયમ સિંહ એ શ્રેણીના નેતાઓમાં હતા, જેઓ પોતાની ભૂલો પણ સ્વીકાર કરતા હતા. અન્ય નેતાઓની જેમ તેમનું રાજકી જીવન પણ વિવાદો વચ્ચે પસાર થયું. રામ મંદિર આંદોલન સમયે અયોધ્યામાં કારસેવકો પર ગોળી ચલાવવાનો મામલો હોય કે પછી ઉત્તરાખંડ રાજ્ય માટે ચાલી રહેલા આંદોલનને દબાવવા અથવા મુખ્યમંત્રી રહેતાં હલ્લાબોલનું તેમનું અભિયાન, તેમના કેટલાય નિર્ણયો ટીકા સાથે વિવાદનું કેન્દ્ર બન્યા, પરંતુ તેની તેમણે પરવા ન કરી. તેઓ એનાથી પણ બેફિકર રહ્યા કે તેમની છબિ અલ્પસંખ્યકોના તુષ્ટીકરણની રાજનીતિને પોષિત કરનારા નેતાની બની ગઈ. આ બધા સાથે તેઓ એના માટે પણ યાદ કરાશે કે તેમણે હિંદી ભાષાને પ્રોત્સાહન આપવા માટે હરસંભવ પ્રયાસ કર્યા.

અંતકાળમાં ભગવત્સ્મરણ

જે મનુષ્ય અંતકાળમાં મારૂં સ્મરણ કરતાં કરતાં શરીર છોડીને જાય છે તે મારા સ્વરૂપને જ પ્રાપ્ત થાય છે તેમાં કોઇ સંદેહ નથી.(ગીતાઃ૮/૫) રાવણ શત્રુતાના સબંધે,કંસ ભયના કારણે, વિભીષણ શરણાગતિના કારણે તથા ભક્ત હનુમાન શ્રદ્ધાથી હંમેશાં પ્રભુના નામને જપતા હતા એટલે જ તો રાવણ અને કંસને પણ અંતમાં મુક્તિ(પ્રભુના ધામની પ્રાપ્તિ) મળી હતી.અજામિલ અંત સમયમાં નારાયણ..નારાયણ સ્મરણ કરતાં કરતાં વિષ્ણુરલોકને પ્રાપ્ત થયા હતા.અંતે મતિ સો ગતિ..જ્યારે અંતકાળના સુમિરણ અનુસાર જ ગતિ થાય છે તો પછી અંતકાળમાં ભગવાનનું સ્મરણ થવા માટે મનુષ્યે શું કરવું જોઇએ? તેનો ઉપાય બતાવતાં ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહે છે કે..

તૂં સર્વ કાળે નિરંતર મારૂં સ્મરણ કર અને યુધ્ધ પણ કર,આ પ્રમાણે મારામાં અર્પેલા મન બુધ્ધિથી યુક્ત થઇ તૂં ચોક્કસ મને જ પામીશ.(ગીતાઃ૮/૭) સ્મરણ ત્રણ જાતનું હોય છેઃ(૧) બોધજન્યઃ પોતાનું જે હોવાપણું છે તેને યાદ કરવું પડતું નથી પરંતુ શરીરની સાથે જે એકતા માની લીધી છે તે ભૂલ છે.બોધ થતાં તે ભૂલ દૂર થઇ જાય છે.બોધજન્ય સ્મરણ પોતાના નિત્ય સ્વરૂપનું છે.

(૨)સબંધજન્ય સ્મરણઃ જેને આપણે પોતે માની લઇએ છીએ તે સબંધજન્ય સ્મરણ છે.જેમકે શરીર આપણું છે, સંસાર આપણો છે આ માનેલો સબંધ ત્યાં સુધી દૂર થતો નથી,જ્યાં સુધી આપણે 'આ આપણું નથી' એવું નથી માની લેતા પરંતુ ભગવાન વાસ્તવમાં આપણા છે.

(૩) ક્રિયાજન્ય સ્મરણઃ ક્રિયાજન્ય સ્મરણ અભ્યાસજન્ય હોય છે.જેવી રીતે સ્ત્રીઓ માથા ઉપર પાણીનો ઘડો રાખીને ચાલે છે તો પણ પોતાના બંન્ને હાથોને છુટા રાખે છે અને બીજી સ્ત્રીઓની સાથે વાતો પણ કરતી રહે છે તેવી જ રીતે તમામ ક્રિયાઓમાં ભગવાનને નિરંતર યાદ રાખવા એ અભ્યાસજન્ય સ્મરણ છે.

ભગવાન કહે છે કે તમામ સમયે મને જ યાદ કર કારણ કે આ જીવનનું કોઇ ઠેકાણું નથી એટલા માટે યુધ્ધ કરો અને મને યાદ પણ કરતા રહો.કામ ક્રોધ લોભ મોહ રાગ-દ્વેષ ઈર્ષા ઘૃણા સાથે યુધ્ધ કરો.આ તમામ વિકારોને જીતો.મન અને બુધ્ધિને મારામાં લગાડીને મારા બતાવેલા રસ્તા ઉપર ચાલો.આમ કરશો તો તમો મને પ્રાપ્ત થશો.

હવે ભગવાનનો આદેશ પ્રયાણકાળનો છે.જો અંતકાળ સન્નિક્ટ આવી જાય તો શું કરવું જોઇએ? ×ભક્તિયુક્ત માણસ અંત સમયે નિશ્ચળ મનથી અને યોગબળથી બે ભ્રમરોની મધ્યમાં પ્રાણોને સારી રીતે પ્રવિષ્ટ કરીને શરીર છોડવાથી સ્મરતો સ્મરતો તે પરમ દિવ્ય પુરૂષને જ પ્રાપ્ત થાય છે.(ગીતાઃ૮/૧૦)

ગીતામાં ભગવાન કહે છે કે તમામ ઇન્દ્રિયોને જેના દ્વારા વિષયોનું જ્ઞાન થાય છે તેને રોકીને સંયમ કરી લેવો,તેનાથી ઇન્દ્રિયો પોતાના સ્થાનમાં રહેશે અને મનને હૃદયમાં રોકી લેવું એટલે કે મનને વિષયોની તરફ ન જવા દેવું,તેનાથી મન હૃદયમાં રહેશે ત્યારબાદ પ્રાણોને મસ્તકમાં ધારણ કરી લેવા એટલે કે પ્રાણોને દશમા દ્વાર(બ્રહ્મરંધ)માં રોકી લેવા.મનમાં સંકલ્પ-વિકલ્પ ન કરવા.પ્રાણો ઉપર અધિકાર પ્રાપ્ત કરી લેવો આ જ 'યોગ ધારણા' છે.

અંતકાળે જે કોઇનું ચિંતન થાય છે તેના અનુસાર જ જન્મ લેવો પડે છે પરંતુ એનું તાત્પર્ય એ નથી કે મકાનને યાદ કરતા રહીને શરીર છોડવાથી મકાન બની જશે, ધનને યાદ કરવાથી ધન બની જશે પરંતુ મકાનનું ચિંતન થવાથી જીવાત્મા તે મકાનમાં ઉંદર ગરોડી વગેરે બની જશે અને ધનનું ચિંતન કરવાથી તે સાપ બની જશે.તાત્પર્ય એ થયું કે અંતકાળના ચિંતનનો નિયમ સજીવ પ્રાણીઓના માટે જ છે.નિર્જીવ(જડ) પદાર્થોના માટે નથી.આથી જડ પદાર્થોનું ચિંતન થવાથી તે તેમનાથી સબંધિત કોઇ સજીવ પ્રાણી બની જશે.મનુષ્યેયત્તર(પશુ પક્ષી વગેરે) પ્રાણીઓને પોત પોતાના કર્મો અનુસાર જ અંતકાળે સ્મરણ થાય છે અને તેના અનુસાર જ અંતકાળે સ્મરણ થાય છે અને તેના અનુસાર જ આગળનો જન્મ થાય છે.આ રીતે અંતકાળના સ્મરણનો કાયદો બધી જગ્યાએ લાગુ પડે છે પરંતુ મનુષ્ય શરીરમાં એ વિશેષતા છે કે તેનું અંતકાળનું સ્મરણ કર્મોના આધિન નથી પરંતુ પુરૂષાર્થને આધિન છે.પુરૂષાર્થમાં મનુષ્ય સ્વતંત્ર છે તેથી જ તો અન્ય યોનિઓ કરતાં તેનો અધિક મહિમા છે.

ભગવાને અહી એક વિશેષ છુટ આપી છે કે મરણાસન્ન વ્યક્તિના ગમે તેવા આચરણ રહ્યા હોય, ગમે તેવા ભાવ રહ્યા હોય કે ગમે તેવું જીવન વિત્યું હોય પરંતુ અંતકાળે તે ભગવાનને યાદ કરી લે તો તેનું કલ્યાણ થઇ જાય છે.દરેક મનુષ્યનના માટે સાવધાન થવાની જરૂર છે કે તે પ્રત્યેક ક્ષણે ભગવાનનું સુમિરણ કરે.એક ક્ષણ પણ ખાલી જવા ન દે કેમ કે અંતકાળની ખબર નથી કે એ ક્યારે આવી જશે.વાસ્તવમાં પ્રત્યેક ક્ષણ અંતકાળ જ છે.એવું કાંઇ નક્કી નથી કે આટલા વર્ષો, આટલા મહિના અને આટલા દિવસો બાદ મૃત્યુ થશે.મૃત્યુની ગતિ હરઘડી ચાલી જ રહી છે,આથી પ્રત્યેક ક્ષણે ભગવાનને યાદ કરવા જોઇએ અને એમ સમજવું જોઇએ કે બસ આ જ અંતકાળ છે.કોઇપણ બિમાર મરણાસન્ન વ્યક્તિ હોય તો તેના ઇષ્ટદનું ચિત્ર કે મૂર્તિ તેની સામે રાખવાં જોઇએ.જેવી જેની ઉપાસના હોય અને જે ભગવાનમાં તેની રૂચી હોય,જેનો એ જપ કરતો હોય એ જ ભગવાનનું નામ તેને સંભળાવવું જોઇએ.જે સ્વરૂપમાં તેની શ્રધ્ધા અને વિશ્વાસ હોય તેની યાદ અપાવવી જોઇએ.જો તે બેહોશ થઇ જાય તો તેની પાસે ભગવાનના નામનું જપ કિર્તન કરવું જોઇએ,જેથી તે મરણાસન્ન વ્યક્તિની સામે ભગવત્સબંધી વાયુ મંડળ બનેલું રહે.ભગવત્સબંધી વાયુ મંડળ રહેવાથી ત્યાં યમરાજના દૂતો આવી શકતા નથી.ભગવાનની યાદ આવવાથી ×હું શરીર છું× અને શરીર ×મારૂં× છે તેની યાદ રહેતી નથી,ફક્ત ભગવાનને જ યાદ કરતાં કરતાં શરીર છુટી જાય છે અને તેને ભગવાનની પ્રાપ્તિ થઇ જાય છે.'મૃત્યુનો સમય આવતાં મનુષ્યએ ગભરાવવું જોઇએ નહી.તેમને વૈરાગ્યના શસ્ત્રથી શરીર અને તેનાથી સબંધ રાખવાવાળાઓના પ્રત્યે મમતા તોડી નાખવી.સદગુરૂએ બ્રહ્મજ્ઞાનની સાથે જ પ્રદાન કરેલ ગુરૂમંત્રનું નિરંતર સુમિરણ કરવું.પ્રાણવાયુને વશમાં કરીને મનનું દમન કરવું અને એક ક્ષણના માટે પણ પ્રભુના નામ સુમિરણને ન ભુલવું.બુધ્ધિની સહાયતાથી મનના દ્વારા ઇન્દ્રિયોને તેમના વિષયો તરફથી હટાવી લેવી અને કર્મની વાસનાઓથી ચંચળ બનેલા મનને વિચારોના દ્વારા રોકીને પ્રભુ પરમાત્માનું ધ્યાન કરવું.આમ ધ્યાન કરતાં કરતાં વિષય વાસનાથી રહિત મનને પૂર્ણ રૂપથી ભગવાનમાં એવું તલ્લીન કરી દેવું કે પછી અન્ય વિષયનું ચિન્તન જ ના થાય.×

અંતકાળમાં ભગવાનની સ્મૃતિ બનેલી રહે તેના માટે ભગવાનના નામનું સુમિરણ ભગવાનની લીલાઓનું ચિંતન ભગવાનની કથાનું શ્રવણ સંતમહાપુરૂષોનો સત્સંગ કરવો જોઇએ.જે ભગવાનની શરણાગતિ સ્વીકારી લે છે તેના માટે અંતકાળમાં ભગવાનની સ્મૃતિ સુલભ બની જાય છે કારણ કે ભગવાને આશ્વાસન આપ્યું છે કે જે જીવનભર મારૂં ચિન્તન કરે છે તેને કદાચ અંતકાળમાં કંઠ રૂધાઇ જતાં પ્રભુ નામ સુમિરણ ના થઇ શકે તેવા સમયે હું તેમનું સ્મરણ કરૂં છું.આમ અંતિમ સમયની સ્મૃતિ પુરૂષાર્થ સાધ્ય નહીં પરંતુ ભગવત્કૃપાસાધ્ય છે અને આ ભગવત્કૃપા શરણાગત ભક્તના માટે સહજ સુલભ છે એટલે જન્મ-મરણના બંધનથી છુટવા ભગવાનની શરણાગતિ અને ભગવાનના નામનું સતત સુમિરણ એકમાત્ર ઉપાય છે.સંત નિરંકારી મિશનના પ્રસિધ્ધ ગ્રંથ અવતારવાણીમાં કહ્યું છે કેઃ પૂત્ર પૂત્રી સગાં સબંધી ઢળતી એ તો છાયા છે, ધન ધાન્યને સુંદર મહેલો આ બધી માયા છે. સૌને એકદિન જાવાનું છે જગમાં જે કોઇ આવ્યો છે, જે શ્વાસને તૂં તારા સમજે એ પણ માલ પરાયો છે.એકવાર જોઇ આ પ્રભુને જેને પણ ગુણ ગાયા છે, કહે અવતાર કદિપણ એ નર યોનિઓમાં ના આવ્યો છે.

વિનોદભાઇ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

ગુજરાતમાં ચૂંટણી અગાઉ ૨૩ આઈએએસ અધિકારીઓની બદલીઃ અમદાવાદ-ગાંધીનગરને નવા કલેક્ટર મળ્યા

ગાંધીનગર, ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્યમાં બદલીઓનો દોર યથાવત જોવા મળી રહ્યો છે. ડેપ્યુટી કલેક્ટરોની બદલી બાદ હવે રાજ્યમાં ૧૦છજી અધિકારીઓની બદલી કરવામાં આવી. ગુજરાતમાં હજુ તો ગઇકાલે ૭ ડેપ્યુટી કલેક્ટરોની બદલી કરવામાં આવી હતી ત્યાં તો આજે રાજ્યના ૨૩ આઇએએસ અધિકારીઓની બદલી કરી દેવાઇ છે.

મળતી માહિતી અનુસાર એમ. થેન્નારસન અમદાવાદ મનપાના નવા કમિશનર બન્યા અગાઉ ડેપ્યૂટી કમિશનર તરીકે બજાવી ચૂક્યા છે અમદાવાદમાં ફરજ, રાહુલ ગુપ્તા વાઈસ ચેરમેન અને એમડી જીઆઇડીસીબન્યા,ધવલ પટેલ અમદાવાદ નવા કલેક્ટર,રાહુલ ગુપ્તાને ગાંધીનગર ઈન્ડસ્ટ્રીયલ કમિશનરનો વધારાનો ચાર્જ,ડી.એસ.ગઢવી આણંદના નવા કલેક્ટર,ધર્મેન્દ્રસિંહ જાડેજા ડાંગના નવા કલેક્ટર,બી આર દવે તાપીના નવા કલેકટર,બી કે પંડ્યા મહીસાગરના નવા કલેકટર, પ્રવીણા ડી.કે ગાંધીનગરના નવા કલેકટર, દિલિપ કુમાર રાણા કચ્છના નવા કલેકટર,દિલીપ રાણા કચ્છ કલેક્ટર તરીકે મુકાયા,એએમસીના નવા કમિશનર બન્યા એમ.થેનાસરણ,અગાઉ ડેપ્યુટી કમિશનર તરીકે બજાવી ચૂક્યા છે અમદાવાદ માં ફરજ, અમદાવાદના નાવ મનપા કમિશ્નર મુકાયા,એમ થેનારસન મનપા કમિશ્નર તરીકે મુકાયા, રાહુલ બાબુલાલ ગુપ્તા ગાંધીનગર ઈન્ડસ્ટ્રીયલ કમીશનરનો વધારાનો ચાર્જ,ડીએસ ગઢવી આંણદના નવા કલેકટર,ધર્મેન્દ્ર સિંહ જાડેજા ડાંગના નવા કલેકટર,જીટી પંડયા મોરબીના નવા કલેકટર,બી આર દવે તાપીના નવા કલેકટર, બી કે પંડ્યા મહીસાગરના નવા કલેકટર,પ્રવીણા ડી.કે ગાંધીનગરના નવા કલેકટર,દિલિપ કુમાર રાણા કચ્છના નવા કલેકટર,યોગેશ નિરગુડે ટ્રાયબલ ડેવલોપમેન્ટના નવા ડિરેક્ટર,આર.એ. મેરજા ભાવનગરના નવા કલેક્ટર, પી.આર જોશી ભરુચના નવા ડીડીઓ, બી.કે. વસાવા સુરતના નવા ડીડીઓ,એસ.ડી ધાનાણી દ્વારકાના નવા ડીડીઓ,સંદીપ સાંગલે ને ગાંધીનગરના મ્યુની કમીશનર તરીકે મુકાયા,પંચાયતના એડીશનલ સેક્રટરી તરીકે એમ.વાય દક્ષીણી,હરજીભાઇ વઢવાણીયા એ.ટી.એમ.એ ના નવા ડિરેક્ટર,મનીષ કુમારને જીએલપીસીના એમડી તરીકે નિમણૂંક,જે.બી પટેલને યુથ સર્વીસ અને કલચરલ એક્ટીવીટનો ચાર્જ સોંપાયો,ડીજીવીસીએલના નવા એમડી યોગેશ ચૌધરી,કે.એસ વસાવા ટેકનીકલ શિક્ષણવિભાગના નવ ડિરેક્ટર બનાવાયા છે.

ભીંસમાં
આજકાલ લક્ષ્મીદેવી રીસમાં છે,
આજકાલ મારો હાથ ભીંસમાં છે.
ભીમને મારવા ધૃતરાષ્ટ્ર તડપે સદા,
પણ ધૃતરાષ્ટ્રની ભૂજા ભીંસમાં છે.
ખુશી અવળા પગે નીકળી ઘરેથી,
એનો ચહેરો ખરડાયેલો રીસમાં છે!
સખીને મનાવાય તેટલું મનાવું છું,
કેમ કે સખી આજકાલ ટીસમાં છે.
સાત જન્મ સાથે રહેવાની કસમ ખાઇ,
છૂટા પડયા લાગે સંબંધ ધીંસમાં છે!!
ભરત વૈષ્ણવ
૧૨.૧૦.૨૦૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દીવાળી પર કેદારનાથ જઈ શકે છે! સેનાના જવાનો સાથે દિવાળી મનાવશે

નવીદિલ્હી,તા.૧૨

દિવાળીના અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેદારનાથની મુલાકાતની ચર્ચા જોરશોરથી ચાલી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેવ દિવાળીના શુભ મુહૂર્ત પર કેદારનાથ જઈ શકે છે. સીએમ પુષ્કર સિંહ ધામીની કેદારનાથની મુલાકાતને પણ તેની સાથે જોડવામાં આવી રહી છે. આ પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વર્ષ ૨૦૧૮માં દિવાળીના તહેવારમાં કેદારનાથ ધામમાં પૂજા કરી ચૂક્યા છે.દિવાળીના અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેદારનાથની મુલાકાતની ચર્ચા જોરશોરથી ચાલી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેવ દિવાળીના શુભ મુહૂર્ત પર કેદારનાથ જઈ શકે છે. ભૂતકાળમાં સીએમ પુષ્કર સિંહ ધામીની કેદારનાથની મુલાકાતને પણ તેની સાથે જોડવામાં આવી રહી છે. આ પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વર્ષ ૨૦૧૮માં દિવાળીના તહેવારમાં કેદારનાથ ધામમાં પૂજા કરી ચૂક્યા છે.

પ્રધાનમંત્રી બન્યા પછી પીએમ મોદી અત્યાર સુધી પાંચ વખત કેદારનાથ જઈ ચૂક્યા છે. આ વખતે તેમની કેદારનાથની છઠ્ઠી મુલાકાત હશે. જો કે પ્રશાસન હજી સુધી આ પ્રસ્તાવિત પ્રવાસ અંગે કંઈ સ્પષ્ટ નથી કરી રહ્યા. પરંતુ પ્રશાસન, પીએમ મોદીની યાત્રાને લઈને અત્યારથી તૈયારીઓમાં વ્યસ્ત છે. કેદારનાથ ધારાસભ્ય શૈલરાનીએ કહ્યું કે પીએમ મોદી કેદારનાથ આવી રહ્યા છે. તેમણે કહ્યું કે, યાત્રામાં જે વ્યવસ્થાઓમાં કમી છે, તેના પર પણ તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ વાત કરશે.મળતી જાણકારી અનુસાર, પ્રધાનમંત્રી પોતાના કેદારનાથ યાત્રા દરમિયાન સેનાનાં જવાનોની સાથે દિવાળી પણ મનાવી શકે છે. પ્રધાનમંત્રીના વડાપ્રધાનની સંભવિત મુલાકાતને ધ્યાનમાં રાખીને તૈયારીઓ પણ ઝડપી કરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગઈકાલે એટલે કે મંગળવારે ઉજ્જૈનની મુલાકાતે હતા. જ્યાં તેમણે મહાકાલ લોકના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યું હતું. આ દરમિયાન આપેલા ભાષણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બાબા કેદારનાથના વિકાસનો પણ ઉલ્લેખ કર્યો હતો.જેનો વીડિયો મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પણ પોતાના ટ્વિટર હેન્ડલથી શેર કર્યો છે. ગઈકાલે આપેલા તેમના ભાષણમાં વડાપ્રધાને કહ્યું કે ઉત્તરાખંડમાં બાબા કેદારનાથના આશીર્વાદથી કેદારનાથ-બદ્રીનાથ તીર્થક્ષેત્રમાં વિકાસના નવા અધ્યાય લખાઈ રહ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વધુમાં કહ્યું કે, આઝાદી પછી પહેલીવાર ચાર-ધામ પ્રોજેક્ટ દ્વારા આપણા ચાર ધામને ઓલ વેધર રોડ સાથે જોડવા જઈ રહ્યા છે. તેમને કેદારનાથ ધામ વિકાસ કાર્યોનો ઉલ્લેખ કરતા ધામ અને વિકસિત કરવાની વાત કહી. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પ્રધાનમંત્રીનો આ વીડિયો ટ્વિટર પર શેર કરતા લખ્યું કે બદ્રી-કેદાર સહિત દેશભરમાં આધ્યાત્મિક ચેતનાના વિવિધ કેન્દ્રોની ભવ્યતા પુનઃસ્થાપિત કરવાનું કામ ચાલી રહ્યું છે. તમને જણાવી દઈએ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેદારનાથ આવવાના સમાચાર વચ્ચે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી ખૂબ જ સક્રિય જોવા મળી રહ્યા છે. જોકે, વહીવટીતંત્રે હજુ સુધી વડાપ્રધાન મોદીની મુલાકાતની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

સ્વાતિ માલીવાલે સાજિદ ખાનને બિગ બોસથી બહાર કરવાની માગ કરી, રેપની ધમકી મળી રહી છે

નવીદિલ્હી,તા.૧૨

દિલ્હી મહિલા આયોગની અધ્યક્ષ સ્વાતિ માલીવાલે દાવો કર્યો છે કે, તેણે સોશિયલ મીડિયા પર રેપની ધમકી આપવામાં આવી રહી છે. સ્વાતિ માલીવાલે દાવો કર્યો છે કે, આવું તેની સાથે આ કારણે થઇ રહ્યું છે. કેમ કે, તેણે રિયાલીટી શો 'બિગ બોસ'માં સાજિદ ખાનની એન્ટ્રી પર આપત્તિ વ્યક્ત કરી હતી.

માલીવાલે ટ્વીટ કર્યું કે, 'જયારથી સાજિદ ખાનને બિગ બોસથી બહાર કરવા માટે કેન્દ્રિય સૂચના અને પ્રસારણ મંત્રીને પત્ર લખ્યો છે, ત્યારથી મને ઈન્સ્ટાગ્રામ પર રેપની ધમકી આપવામાં આવી રહી છે. સ્પષ્ટ છે કે, આ અમારું કામ રોકવા ઈચ્છે છે. દિલ્હી પોલીસને ફરિયાદ કરી રહી છું કે, ઠ્ઠૈંઇ નોંધાવી લે અને તપાસ કરે. જે પણ લોકો આની પાછળ છે, તેમને અરેસ્ટ કરે.'વાત એવી છે કે, સ્વાતિ માલીવાલે કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરને પત્ર લખીને ફિલ્મ નિર્માતા સાજિદ ખાનની 'બિગ બોસ ૧૬'મા એન્ટ્રી પર ચિંતા વ્યક્ત કરતાં રિયાલીટી શોથી તેને હટાવવાની માગ કરી હતી. આયોગનું કહેવું હતું કે, મી-ટૂ મૂવમેન્ટ દરમિયાન અનેક મહિલા પત્રકારો અને અભિનેત્રીઓએ સાજિદ ખાન દ્વારા કથિત યૌન ઉત્પીડનના વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો.સ્વાતિ માલીવાલે ૧૦ ઓક્ટોમ્બરે એક ટ્વીટ કર્યું હતું, જેમાં લખ્યું હતું કે, 'સાજિદ ખાનના વિરુદ્ધ ૧૦ મહિલાઓએ મી ટુ મૂવમેન્ટ દરમિયાન યૌન શોષણના આરોપ લગાવ્યા હતા. આ તમામ કમ્પલેંટ સાજિદ ગંદી માનસિકતા બતાવે છે. હવે આવા વ્યક્તિને બિગ બોસમાં જગ્યા આપવામાં આવી છે, જે પૂરી રીતે ખોટો છે. ગત દિવસોમાં મહિલા આયોગે ટ્વીટ કરતા એવી ૧૦ મહિલાઓની માહિતી આપી હતી, જેમણે ફિલ્મ નિર્દેશક સાજિદ ખાન પર યૌન ઉત્પીડનના આરોપ લગાવ્યા હતા.

આપણે ત્યાં એક ડોલરના બ્યાંશી રૂપિયા થયા તેમાં શું કાખલી કૂટો છો? પાકિસ્તાનમાં એક ડોલરના બસો સિતેર પાક રૂપિયા છે!!

" રાજુ તમારે કોઇ એજન્ડા નથી?" આજે મેં ઉલ્ટી ગંગા વહેવડાવી. હુ રાજુ રદીના ઘરે પહોંચી ગયો. મને જોઇને હકકોબકકો થઇ ગયો.

" ततमे ततमे? રાજુ રદી થોથવાઈ ગયો. માનો કે સાપ સુંઘી ગયો ન હોય!

" હા, હું .?બોલ કોઇ વાંધો છે?" મેં આકરા તેવર બતાવ્યા!

" બોલો ચા લેશો કે કોલ્ડ ડ્રિંક?"મને પૂછયું .

"એ બધા મલાવા રહેવા દે. મારા સવાલને જવાબ દે!" મેં સખ્તી દર્શાવી .

શેનો જવાબ ને શેનો સવાલ?" રાજુ નામક્કર બની છેલ્લા પાટલે બેસ્યો.

" આ તિસ્તા શેતલવાડ અને મેધા પાટકરના રવાડે ચડી ભાવ વધારાની કાગારોળ કરો છો? મોંઘવારીની મધર મેરી કરો છો?"મેં રાજુને પાણીથી પાતળો કરી નાંખ્યો.

" ગિરધરભાઇ. તમારે ઘરે વડીલો દલ્લો મુકી ગયા છે? તમને ટમેટા એકસો વીસ કિલો થાય તો મોંઘવારીની આંચ નડતી નહીં હોય!!" રાજુએ બહુપાંખિયો હુમલો કર્યો.

" રાજુ . વેનેઝુએલામાં ૫ ટામેટાંનો ભાવ ૫૦ લાખ બોલિવર (વેનેઝુએલાની કરન્સી) પહોંચ્યો હતો.પાકિસ્તાનમાં ટમેટા બસો રુપિયે થયેલા. શ્રીલકાની વાત જ ન કરીશ" મેં રાજુને આયનો દેખાડ્યો.

" ગિરધરભાઇ.ઘરેલું ગેસનો બાટલો બારસોએ અને કોમર્શિયલ ગેસનો બાટલો અઢી હજારે મળે છે. સરકાર હાથ પર હાથ ધરી બેઠી છે!" રાજુએ રંગ દેખાડ્યો.

"રાજુ.પાકિસ્તાનમાં રસોઈ ગેસની કિંમતના કારણે લોકો બેહાલ છે. દેશમાં ઘરેલુ સિલિન્ડરની કિંમત ૨૫૬૦ રૂપિયા પહોંચી ગઈ છે. જયારે કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ૯,૮૪૭ રૂપિયાએ પહોંચી છે. ફરી એકવાર સરકારનો બચાવ કર્યો!!

" ગિરધરભાઇ . આપણા વિપક્ષો નમાલા છે. કશું કરતા નથી!રાજુએ ઇન્ડિયા ગેટ જેટલો નિસાસો નાંખ્યો.

" બેટમજી આપણે પેટ્રોલ ડિઝલના ભાવ સોની સપાટીએ પહોંચે કે કાગારોળ કરીએ છીએ. પાક્સ્તાનમાં પેટ્રોલ ૧૮૦ અને ડિઝલ ૧૭૪ રૂપિયે લિટર મળે છે. કેરોસીનના પ્રતિ લિટર રૂપિયા ૧૫૫ છે.સીરિયામાં સબ્સિડી વગરના ૯૦ ઓક્ટન ગૈસોલિન ૨૫૦૦ સીરિયન પાઉન્ડ પર છે. દેશમાં મોંઘવારીની સ્થિતિ એ છે કે ગત વર્ષે સીરિયાએ પાંચ હજાર સીરિયાઈ પાઉન્ડની નોટ જારી કરવી પડી હતી. શ્રીલંકન બ્રેકફાસ્ટ ઇન્ડેક્સ પર માપવામાં આવ્યો હતો. અહીં દરેક વસ્તુ ૩૩-૫૪% મોંઘી થઈ ગઈ છે. જેમ કે – ચિકન કરી કોમ્બો – રૂ. ૯૬૯, બાફેલા ઈંડાનો કોમ્બો – રૂ. ૫૧૫ અને ટીન કરેલ ફિશ કોમ્બો – રૂ. ૮૬૬ થયો છે!! પાકિસ્તાનમાં દૂધની કિંમત ૧૫૦ રૂપિયા પ્રતિ લીટરે પહોંચી છે. પાકિસ્તાનમાં ખાંડની કિંમત ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો પહોંચી છે. બીજી તરફ ઘઉંની કિંમત ૪૦ રૂપિયા પ્રતિ કિલોથી વધી ૭૦ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી છે. આટલું જ નહીં મટન, ચિકન, દાળ અને અન્ય વસ્તુઓના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. પાકિસ્તાનમાં દૂધની કિંમત ૧૫૦ રૂપિયા પ્રતિ લીટરે પહોંચી છે. પાકિસ્તાનમાં ખાંડની કિંમત ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો પહોંચી છે. બીજી તરફ ઘઉંની કિંમત ૪૦ રૂપિયા પ્રતિ કિલોથી વધી ૭૦ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી છે. આટલું જ નહીં મટન, ચિકન, દાળ અને અન્ય વસ્તુઓના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. "મેં રાજુને બેહાલી જણાવી.

" ગિરધરભાઇ. છેલ્લા ૭૫ વરસમાં ન બનેલી ઘટના બની છે. અમેરિકન ડોલર સામે રૂપિયો સાબુ, સોડા, પાવડર, પાણી વિના વગર ધોકાએ ધોબીપછાડ ધોવાયો છે. આઝાદી સમયે એક ડોલર બરાબર એક રૂપિયો હતો. આજે રૂપિયો હિન્દી ફિલ્મના વિલનના જેમ અમેરિકન ડોલર જેવા હીરોના હાથે ધોવાઈને એસીની સપાટીએ પહોંચ્યો કે વિપક્ષો ગેલમાં આવી ગયા. મનની વાત કે વિકાસની વા

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

NOG SS N0 : 0113
પ્રકારઃ પદ્ય
વિષયઃ સુગંધ
શીર્ષક :
શ્યામના નામની સુગંધ
ઊગતા પહોરે જો
આભેથી તારો ખરે!
શ્યામ તારું નામ
આકાશે કોણ ચીતરે?
મારા હોઠ પાસે થી
રોજ તું આશ્લેષ ભરે
તો શ્યામ તારું નામ
હોઠે કોણ ચીતરે?
આ કુંજગલીમાં રાધા
સાથે રોજ તું નીકળે
તો શ્યામ તારું નામ
કુંજની ભીંતે કોણ ચીતરે
મોરલીના મધુર નાદે
નાચતાં મોરપિચ્છ ખરે
તો શ્યામ તારું નામ
મોરપીંછે કોણ ચીતરે?
મારા અંગથી રોજ જો
સુગંધ તારી નીકળે
તો શ્યામ તારું નામ મારા અંગે કોણ ચીતરે?
ઘનશ્યામ વ્યાસ
'શ્યામ'

NOG SS N0 : 109
શિર્ષકઃ-સુગંધ/બાબુ સંગાડા'મહેક'
પ્રકારઃ-પધ
ઉભો થઈ ચાલી નીકળ ,
હદ થઈ છે.
મુસાફર બની જા ,
નહી તો લઈ લે ફકિરી.
પડાવ મળે કે ન મળે છોડ બધી ચિંતા,
ચાલ્યો જા ને ચાલ્યા કર હવે તું,
રસ્તાઓ કરશે સુગંધોનું કામ બધે.
બગીચા સજાવી બેઠા છે.
સુવાસ વાવી બેઠા છે.
ઠરતો નહીં કોઈ જગા,
અહીં વિશ્વાસ પાથરી,
એ બધા તને અટકાવી દેવા બેઠા છે.
કોઈ નોહતા પહેલા દુશ્મનો,
એ બધા ઉગી જશે તું વધ હજી
ઘરેલુંહિંસા જેવા ફાટી નીકળશે
બિલાડીના ટોપ થઈ.
ઘમરોળશે તને તારી જાતને
પછી જોજે આંધી ફરીવળશે બધે સુગંધોની.
છોડી દે નમાલા કાફલાને
એ બધા એજ કરે છે આજ લગી,
રોકી સુવાસ ઓઢી લે કોઈ વ્હેતી,
ને પોતાને નામ કરી વાહ! વાહી !કરે
ભ્રમાતો નહીં એ વાતમાં કોઈ દમ નથી,
કાલ જોજે
તારી આસપાસ ચકવાક હશે સુગંધોના.

N.O.G.SS.NO. 0026
વિષય - સુગંધ
વિભાગ - પદ્ય (મૌલિક રચના)
ખુશ્બૂ છોડી ફરવા લાગ્યાં.
પુષ્પો મનનું કરવા લાગ્યાં.
ક્યાં છે કિંમત ફૂલની કોઈ?
શ્વાસ વિના સૌ ખરવા લાગ્યાં.
ફૂલને સૌ જે ચૂંટી લેતાં,
બાગથી પાછાં ફરવા લાગ્યાં.
વિના સુગંધે ફૂલ નકામાં,
ઢોરાં આવી ચરવા લાગ્યાં.
ફૂલ - સુગંધનો મેળ અનોખો,
નવાં સ્વરુપે અવતરવા લાગ્યાં.
અંજના ગાંધી 'મૌનુ'
વડોદરા

આશાવર્કરોનું વિરોધ પ્રદર્શન
આશાવર્કરોએ માગણીઓને લઈને વિધાનસભા તરફ કૂચ કરતાં મહિલાઓની અટકાયત કરાઇ

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતના આંગણવાડી કેન્દ્રોમાં ખુદ સરકાર દ્વારા જ લઘુત્તમ વેતન સહિતના નિયમોનું વર્ષોથી સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે, એ મામલે છેલ્લાં ઘણાં સમયથી આશાવર્કરો દ્વારા સરકાર સામે મોરચો માંડીને પડતર માંગણીઓનો નિકાલ કરવાની માંગણી કરવામાં આવી રહી છે. પરંતુ આજદિન સુધી આશા વર્કરોની માંગણીઓ બાબતે કોઈ નિરાકરણ નહીં લાવવામાં આવતાં આજે આશાવર્કરોએ મોટી સંખ્યામાં એકઠા થઈ વિધાનસભા તરફ કૂચ કરવામાં આવતાં સત્યાગ્રહ છાવણી ગોઠવાયેલી પોલીસ દોડતી થઇ હતી. ત્યારે પોલીસે બપોર સુધીમાં ૫૦૦થી વધુ આશાવર્કરોની અટકાયત કરી લેવાતાં ઘર્ષણના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા.રાજયના આશા વર્કર અને ફેસીલીએટર બહેનોએ કોરોના મહામારીમાં જોખમી વેક્સીનેશન, ટેસ્ટીંગ, સર્વે સહિતની કામગીરી કરી છે અને કોરોના વોરીયર્સ તરીકે સન્માન કરવાને બદલે સરકારે પીડા આપી છે. કોવીડ કામગીરીના સતત આખા દિવસની સેવા માટે આશા વર્કરને માત્ર દૈનિક રૂ ૩૩ અને ફેસીલીએટરને દૈનિક રૂ ૧૭ અપાય છે તે મશ્કરી સમાન છે, એરીયર્સ સાથે રૂ ૩૦૦ દૈનિક ચુકવવા ઉપરાંત ફિક્સ પગારની માંગણી ઘણા લાંબા સમયથી પડતર છે.

જે અન્વયે આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે મહિલા શક્તિ સેનાના ચંદ્રિકા બેન સોલંકીની આગેવાનીમાં આશા વર્કરોએ ધરણાં પ્રદર્શન કરવાનું નક્કી કર્યું હતું. જેનાં પગલે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. આ તરફ આશા વર્કરોએ એસ.ટી ડેપો ની પાછળ મોટી સંખ્યામાં એકઠી થઈ વિધાનસભા તરફ કૂચ કરતાં પોલીસ દોડતી થઇ ગઈ હતી.

આશા વર્કરો સચિવાલયના ગેટ નંબર - ૬ સુધી પહોંચે એ પહેલાં જ બીએસએનએલ કચેરી નજીક પોલીસે તેઓને અટકાવી દેવામાં આવી હતી. જો કે આશા વર્કરોએ સૂત્રોચારો કરીને આગળ વધવાનો પ્રયાસ કરવામાં આવતાં મહિલા પોલીસ દ્વારા ચંદ્રિકા સોલંકી સહિત ૫૦૦ થી વધુ આશા વર્કરોની અટકાયત કરી લેવામાં આવી હતી. આ દરમ્યાન પોલીસ અને આશા વર્કરો વચ્ચે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. જેનાં પગલે પોલીસને આશા વર્કરોને ટીંગાટોળી પણ કરવાની નોબત આવી હતી.

સોનાના વાયદાના ભાવમાં રૂ.૧૮૬ અને ચાંદીમાં રૂ.૭૦૫ની નરમાઈ

ક્રૂડ તેલ, નેચરલ ગેસમાં સુધારોઃ કોટનનો વાયદો વધુ રૂ.૮૧૦ તૂટ્યોઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૯૩૭૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૧૦૭૬૩ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૩૧ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૩૩,૫૫૪ સોદાઓમાં કુલ રૂ.૨૦,૧૬૭.૦૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૯૩૭૩.૨૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૦૭૬૨.૫૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૭,૩૩૭ સોદાઓમાં કુલ રૂ.૫,૨૦૩.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૮૧૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૦૪૯ અને નીચામાં રૂ.૫૦,૭૬૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૮૬ ઘટી રૂ.૫૦,૯૧૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૨૨ ઘટી રૂ.૪૦,૫૦૩ અને ગોલ્ડ-પેટલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૨ ઘટી રૂ.૫,૦૪૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૫૬૩ના ભાવે ખૂલી, રૂ.૧૬૨ ઘટી રૂ.૫૦,૭૧૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૮,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૧૨૦ અને નીચામાં રૂ.૫૭,૫૮૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૭૦૫ ઘટી રૂ.૫૭,૮૩૦ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. ૬૭૯ ઘટી રૂ.૫૮,૩૩૯ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૬૭૨ ઘટી રૂ.૫૮,૪૨૫ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૪,૫૩૨ સોદાઓમાં રૂ.૨,૩૫૦ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓક્ટોબર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૬૦ ઘટી રૂ.૧૯૭.૭૫ અને જસત ઓક્ટોબર વાયદો રૂ.૧.૪૦ વધી રૂ.૨૭૩ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૯૦ ઘટી રૂ.૬૫૫.૨૦ તેમ જ સીસું ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૦ વધી રૂ.૧૮૧ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૨,૪૯૯ સોદાઓમાં કુલ રૂ.૧,૭૮૭.૯૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૩૦૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૪૦૪ અને નીચામાં રૂ.૭,૨૮૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૨૧ વધી રૂ.૭,૩૮૮ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૦.૪૦ વધી રૂ.૫૪૬.૩૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૪૩૯ સોદાઓમાં રૂ.૩૨.૨૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ઓક્ટોબર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૪,૯૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૪,૯૮૦ અને નીચામાં રૂ.૩૩,૧૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૧૦ ઘટી રૂ.૩૩,૪૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૮૦ ઘટી રૂ.૯૮૦.૬૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૫૦૬.૮૬ કરોડનાં ૪,૯૨૫.૫૫૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૬૯૬.૧૮ કરોડનાં ૪૬૩.૭૮૦ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૮૨૯.૦૪ કરોડનાં ૧૧,૨૮,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૯૫૯ કરોડનાં ૧૭૪૮૨૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૨૬.૨૭ કરોડનાં ૮૧૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૫.૯૭ કરોડનાં ૬૦.૪૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૫૭૪.૭૩૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૭૪.૮૬૫ ટન, ક્રૂડ તેલમાં ૭૧૭૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૧૬૪૨૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૭૩૬૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૬૨૮.૯૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૧.૨૪ કરોડનાં ૪૪૪ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૪,૧૦૧ના સ્તરે ખૂલી, ૮૭ પોઈન્ટ ઘટી ૧૪,૦૬૬ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૦,૭૬૨.૫૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૪૨.૧૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૪૫.૨૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯,૧૦૯.૮૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૧૬૫.૨૭ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૯૭.૧૧ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૭,૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૬૨ ખૂલી, ઊપરમાં રૂ.૧૮૫.૧૦ અને નીચામાં રૂ.૧૩૩.૨૦ રહી, અંતે રૂ.૧.૩૦ વધી રૂ.૧૭૭.૨૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૫૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૧.૦૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૨.૩૫ અને નીચામાં રૂ.૨૮.૨૦ રહી, અંતે રૂ.૦.૩૫ વધી રૂ.૩૧.૨૦ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૧ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૧.૫૦ અને નીચામાં રૂ.૧૬૧.૫૦ રહી, અંતે રૂ.૨૪.૫૦ ઘટી રૂ.૨૦૧.૫૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૦૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૩૪૮ અને નીચામાં રૂ.૧,૦૫૦ રહી, અંતે રૂ.૨૩૯.૫૦ ઘટી રૂ.૧,૨૪૯ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૧૫ અને નીચામાં રૂ.૩૩૧.૫૦ રહી, અંતે રૂ.૫૨ ઘટી રૂ.૪૦૮ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૭,૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૮૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૭.૫૦ અને નીચામાં રૂ.૧૩૭.૯૦ રહી, અંતે રૂ.૧૮.૧૦ ઘટી રૂ.૧૪૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૩.૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૪.૯૫ અને નીચામાં રૂ.૧૨.૨૦ રહી, અંતે રૂ.૦.૦૫ ઘટી રૂ.૧૩.૧૫ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૪૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૨ ખૂલી, ઊપરમાં રૂ.૨૬૭.૫૦ અને નીચામાં રૂ.૨૨૧ રહી, અંતે રૂ.૨૬ વધી રૂ.૨૩૬ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૫૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૧૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૨,૨૧૫ અને નીચામાં રૂ.૧,૯૯૪ રહી, અંતે રૂ.૩૩૪ વધી રૂ.૨,૦૪૯.૫૦ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૧ ખૂલી, ઊપરમાં રૂ.૨૪૮ અને નીચામાં રૂ.૧૯૧ રહી, અંતે રૂ.૫૭ વધી રૂ.૨૧૪ થયો હતો.

સાઉદી અરેબિયાને ગંભીર પરિણામોનો સામનો કરવો પડશે.: બાઈડેન

વોશિંગ્ટન,તા.૧૨

સાઉદી અરેબિયાની આગેવાની હેઠળના ઓઈલ ઉત્પાદક સંગઠન ઓપેકે અમેરિકાના વિરોધ વચ્ચે પણ ઉત્પાદનમાં કાપ મૂકીને રશિયાને સમર્થન આપતા બાઈડેન લાલઘૂમ થયા છે. બાઈડેને જણાવ્યું હતું કે સાઉદી અરેબિયાએ તેના ગંભીર પરિણામોનો સામનો કરવો પડશે. તેના પગલે ડેમોક્રેટ્સના સેનેટરો હવે અમેરિકાનો સાઉદી અરેબિયા સાથે બધા મોરચે સહયોગ રોકવાની હાકલ કરી રહ્યા છે. બાઈડેનના વહીવટીતંત્રએ જણાવ્યું છે કે તેઓ હવે સાઉદી અરેબિયા સાથેના સંબંધોની પુનઃ સમીક્ષા કરી રહ્યા છે.

રશિયા પણ ઓપેક પ્લસનું સભ્ય છે. માનવામાં આવે છે કે તેલ ઉત્પાદનમાં કાપ મુકવાથી રશિયાને ફાયદો થશે અને યુક્રેનના યુદ્ધ માટે ભંડોળ મળશે. બાઈડેને સીએનએનને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું, 'સાઉદીએ રશિયા સાથે જે કર્યું છે તેના વિપરીત પરિણામો આવશે. હું શું કરીશ અથવા મારા મગજમાં શું છે, હું તેને કહેવાનો નથી, પરંતુ તેના ગંભીર પરિણામો આવશે.' બાઈડેને કહ્યું કે તેઓ આગળના પગલાઓ માટે કોંગ્રેસ સાથે પરામર્શ કરશે. તેમણે ડેમોક્રેટિક સેનેટરોના સાઉદીને શસ્ત્રોનું વેચાણ બંધ કરવાના કોલને સમર્થન આપ્યું ન હતું.

હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે રાષ્ટ્રપતિ બાઈડેન મધ્ય પૂર્વમાં મહત્વપૂર્ણ સાથી સાઉદી પ્રત્યે તેમની નારાજગી કેવી રીતે દર્શાવશે. રાષ્ટ્રપતિ બનતા પહેલા, બાઈડેને માનવાધિકારની સ્થિતિ પર સાઉદી અરેબિયા સાથેના અમેરિકાના સંબંધોને ફરીથી તપાસવાની પ્રતિજ્ઞા લીધી હતી. પરંતુ તે પછી આ વર્ષની શરૂઆતમાં તેણે સાઉદી અરેબિયાની પણ મુલાકાત લીધી હતી. વ્હાઈટ હાઉસની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના પ્રવક્તા જહોન કિર્બીએ જણાવ્યું હતું કે બાઈડેન માને છે કે સંબંધો પર પુનર્વિચાર કરવાની જરૂર છે અને શું તે આપણા રાષ્ટ્રીય હિતોના શ્રેષ્ઠ હિતમાં છે.

ઈમરાન ખાનની ધરપકડ થશે ? એફઆઈએ કેસ દાખલ કર્યો

ઈસ્લામાબાદ,તા.૧૨

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એફઆઈએ) એ ગેરકાયદેસર ભંડોળના કેસમાં તેમની સામે કેસ દાખલ કર્યો છે. ઈમરાન ખાન ઉપરાંત તેમની પાર્ટીની ફાઈનાન્સિયલ ટીમ અને એક ખાનગી બેંકના મેનેજર સામે કેસ નોંધવામાં આવ્યો છે. ઈમરાન ખાન અને તેમની પાર્ટી પર વિદેશમાં નકલી કંપનીઓ દ્વારા ફંડિંગ મેળવવાનો આરોપ છે.

ઈમરાન ખાન પર કેનેડા, બ્રાઝિલ, ઓસ્ટ્રેલિયા અને અન્ય દેશોમાં નકલી કંપનીઓ સ્થાપવાનો આરોપ છે. આ કેસમાં એફઆઈએએ તેને ઘણી નોટિસ પણ આપી છે. તપાસ એજન્સીએ ઈમરાન ખાનને પૂછપરછ માટે સમન્સ પાઠવ્યું હતું પરંતુ તે હાજર થયો ન હતો. ઉલટાનું ઈમરાન ખાને તપાસ એજન્સી સામે કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે.

એફઆઈએએ બે વખત નોટિસ મોકલી હતી, ત્યારબાદ ઈમરાન ખાને કહ્યું કે જો એજન્સી ફરી આવું કરશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. એફઆઈએનું કહેવું છે કે ઈમરાન ખાને ચૂંટણી લડતા પહેલા પણ એફિડેવિટમાં આ કંપનીઓ વિશે માહિતી આપી ન હતી.

સુપ્રીમ કોર્ટ નોટબંધી કેસની સમીક્ષા કરશે, મોદી સરકાર પાસે જવાબ માંગ્યો

નવીદિલ્હી,તા.૧૨

સુપ્રીમ કોર્ટે આજે ૨૦૧૬માં નોટબંધીની બંધારણીય માન્યતા પર સુનાવણી હાથ ધરી હતી. અરજી પર કોર્ટે કેન્દ્ર સરકાર અને આરબીઆઈને વિગતવાર એફિડેવિટ દાખલ કરવા કહ્યું છે. આ મામલે આગામી સુનાવણી ૯ નવેમ્બરે થશે. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૧૬માં કેન્દ્ર સરકારે ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટો પર પ્રતિબંધની જાહેરાત કરી હતી, જેની સામે કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટે આ મામલાની સુનાવણી કરતી વખતે કહ્યું હતું કે તે સરકારના નીતિ વિષયક નિર્ણયોની ન્યાયિક સમીક્ષા અંગે 'લક્ષ્મણ રેખા'થી વાકેફ છે, પરંતુ આ મુદ્દો માત્ર 'શૈક્ષણિક' છે કે કેમ તે નક્કી કરવા માટે ૨૦૧૬ના નોટબંધીના નિર્ણયની તપાસ કરવી પડશે. 'પ્રેક્ટિસ. એસ એ નઝીરની આગેવાની હેઠળની પાંચ જજોની બેંચે કહ્યું કે જ્યારે બંધારણીય બેંચ સમક્ષ કોઈ મુદ્દો ઉભો થાય છે, ત્યારે તેનો જવાબ આપવો તેની ફરજ છે.

એટર્ની જનરલ આર. વેંકટરામણીએ કહ્યું કે જ્યાં સુધી નોટબંધી પરના કાયદાને યોગ્ય રીતે પડકારવામાં નહીં આવે ત્યાં સુધી આ મુદ્દો આવશ્યકપણે શૈક્ષણિક રહેશે. ડિમોનેટાઈઝેશન એક્ટ ૧૯૭૮માં પસાર કરવામાં આવ્યો હતો જેથી અર્થતંત્ર માટે હાનિકારક નાણાંના ગેરકાયદેસર ટ્રાન્સફરને રોકવા માટે જાહેર હિતમાં અમુક ઉચ્ચ મૂલ્યની નોટોના વિમુદ્રીકરણની જોગવાઈ કરવામાં આવે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે શૈક્ષણિક છે કે નિષ્ક્રિય છે તે જાહેર કરવા માટે, તેણે આ બાબતની તપાસ કરવાની જરૂર છે કારણ કે બંને પક્ષો સહમત નથી. કોર્ટે કહ્યું કે, આ મુદ્દાનો જવાબ આપવા માટે અમારે સુનાવણી કરવી પડશે. કોર્ટની બેચે કહ્યુ કેઅમે જાણીએ છીએ કે લક્ષ્મણ રેખા ક્યાં છે. પરંતુ નોટબંધી જે રીતે કરવામાં આવી હતી તેની તપાસ તો થવી જ જોઈએ, એ નક્કી કરવા માટે અમારે વકીલોને સાંભળવા જ જોઈએ. બીજી તરફ કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે, શૈક્ષણિક મુદ્દાઓ પર કોર્ટનો સમય વેડફવો જોઈએ નહીં.

મહેતાની દલીલ સામે વાંધો ઉઠાવતા, અરજદાર વિવેક નારાયણ શર્માનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ શ્યામ દિવાને જણાવ્યું હતું કે તેઓ 'બંધારણીય બેંચના સમયનો બગાડ' જેવા શબ્દોથી આશ્ચર્યચકિત છે કારણ કે અગાઉની બેન્ચે કહ્યું હતું કે આ મુદ્દાઓને બંધારણીય બેંચને મોકલવામાં આવે. પહેલાં મૂકવામાં આવશે. એક પક્ષ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ પી. ચિદમ્બરમે કહ્યું કે આ મુદ્દો શૈક્ષણિક નથી અને તે સર્વોચ્ચ અદાલતે નક્કી કરવાનું છે.

અમદાવાદ એરપોર્ટ પર ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી જે.પી. નડ્ડાનું ઉષ્માભર્યું સ્વાગત

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શ્રી જે.પી. નડ્ડાને આવકાર્યા

એરપોર્ટ પર સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી પ્રદીપભાઈ પરમાર, કુટીર ઉદ્યોગ અને સહકાર મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિ

ગુજરાતના પ્રવાસે આવેલા ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી જે.પી.નડ્ડાનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા અમદાવાદ એરપોર્ટ પર ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.ભાજપ અધ્યક્ષ શ્રી જે.પી.નડ્ડાને અમદાવાદ એરપોર્ટ પર ઉષ્માભર્યું સ્વાગત કરવા માટે મુખ્યમંત્રી શ્રીની સાથે સાથે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી પ્રદીપભાઈ પરમાર, કુટીર ઉદ્યોગ અને સહકાર મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સાંસદશ્રી કિરીટભાઈ સોલંકી, સાંસદશ્રી હસમુખભાઈ પટેલ અને ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત ગૌરવ યાત્રા દ્વારિકા થી પ્રસ્થાન

જે.પી. નડાજી ના વક્તવ્ય ના અંશોઃ

૧. આ માત્ર ગુજરાત ની નહિ પણ સમગ્ર ભારત ની ગૌરવ યાત્રા છે.

૨. ભારત ના વિકાસ કાર્યો ને વિશ્વફલક પર ઉજાગર કરનાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ ના વિકાસ કાર્યો ની ગંગોત્રી છે ગુજરાત.

૩. પહેલા રાજકારણ ના નામ પર માત્ર કમીશન ચાલતું, પરંતુ વડાપ્રધાન મોદીજી એ રાજકારણમાંથી કમીશન નાબુદ કરી અને રાજકારણ ને મિશન તરીકે રજુ કર્યું છે.

૪. જામનગર જિલ્લાને માનનીય વડાપ્રધાન શ્રી તરફથી મળેલ સેન્ટર ફોર ટ્રેડીશનલ મેડીસીન માટે જામનગર ને અભિનંદન પાઠવું છુ.

૫. ગુજરાત માં ડાયમંડ રીસર્ચ સેન્ટર આવતા ગુજરાતના હીરાઉદ્યોગ ને એક નવી ઓળખ મળી છે.

૬. સોલાર પાવર પોલીસી બંનાવનાર ગુજરાત રાજ્ય દેશ નું પ્રથમ રાજ્ય બન્યું છે.

ભુપેન્દ્રભાઈ પટેલ ના વક્તવ્ય ના અંશોઃ-

૧. ભારતીય જનતા પાર્ટી ના કાર્યકર્તાઓ માટે જનસેવા એ પ્રથમ ધર્મ છે.

૨. સાહસીક અને મહેનતી પ્રજા એ ગુજરાત ની ઓળખ છે.

૩. આ ગુજરાત ગૌરવયાત્રા ગુજરાતના ગૌરવ ને વધુ ઉજાગર કરશે.

ગાંધીનગર જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા તા. ૧૪મી ઓકટોબરના રોજ સાતમા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી કરાશે

ગાંધીનગરઃ બુધવારઃ

આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત દ્વારા સાતમા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણીના ભાગરૂપે માનસિક સ્વસ્થતા માટે વિશેષ ઓ.પી.ડી.નું આયોજન જિલ્લાના વિવિધ આયુર્વેદ દવાખાના ખાતે કરવામાં આવ્યું છે. આ ઓ.પી.ડી. તા. ૧૪મી ઓકટોબરના રોજ જિલ્લાના આયુર્વેદ દવાખાના ખાતે સવારના ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમ્યાન કરવામાં આવશે.

સમગ્ર રાષ્ટ્રમાં સાતમા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ' હર ઘર હર દિન આયુર્વેદ ' ની ઉજવણીના ભાગરૂપે AYURVED FOR MENTAL, WELLBEING અન્વયે ગાંધીનગર જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા તા. ૧૪મી ઓકટોબરના રોજ વિશેષ ઓ.પી.ડી. નું આયોજન કરવામાં આવ્યું છે. અ ા વિશેષ ઓ.પી.ડી. સેકટર- ૩ અને ૨૯ સરકારી આયુર્વેદ દવાખાનું, સિવિલ હોસ્પિટલ, ઓ.પી.ડી., માણસાના રિદ્રોલ, પરબતપુરા, દહેગામના ખાનપુર અને પીપળજ, ગાંધીનગરના ટીંટોડા, પોર, જમીયતપુરા અને અમિયાપુર અને કલોલ સરકાર આયુર્વેદ દવાખાના ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

તેમજ કુડાસણ, મગોડી, ઈસંડ, સરઢવઅને દોલારાણા વાસણા ખાતેના જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાના ખાતે પણ આ દિને ખાસ ઓ.પી.ડી. યોજાશે. આ તમામ આયુર્વેદ દવાખાનામાં માનસિક સ્વસ્થતા માટે યોજાનાર વિશેષ ઓ.પી.ડી.નો લાભ લેવા માટે જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ડૉ. ભાવનાબેન પટેલે જણાવ્યું છે.

ગાંધીનગરમાં યોજાશે એક સપ્તાહ માટે ઈ-વેસ્ટ કલેક્શન અભિયાન

ગાંધીનગર,

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ,પ્રાદેશિક કચેરી,ગાંધીનગર. ઈ-કોલી વેસ્ટ પ્રાઈવેટ લીમીટેડ,અમદાવાદ.અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, પ્રેરિત નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર,ગાંધીનગર તથા ગાંધીનગરની જાગૃત સંસ્થાઓના સહયોગથી ઈ-વેસ્ટ કલેક્શન અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે.

આપણા રોજીંદા વપરાશમાં બિનઉપયોગી થયેલ અનેક ઈલેક્ટ્રીકલ અને ઈલેક્ટ્રોનિક વસ્તુઓ જેવી કે બલ્બ, સીએફએલ, એલઈડી, લૅમ્પ્સ, ટયૂબ લાઈટ, ટેલિવિઝન, રેફ્રિજરેટર, વૉશિંગ મશીન, એર કન્ડિશનર, કૉપીઈંગ મશીન, ઈલેક્ટ્રોનિક્સ ટાઈપરાઈટર, ટેલેક્ષ-ફૅક્સ મશીન, પ્લેઈન–કોર્ડલેસ ટેલિફોન, સેલ્યૂલર ફોન, આન્સરિંગ મશીન, પ્રિન્ટર કાર્ટીઝ વગેરે ઈ-વેસ્ટ છે.

દિવાળી દરમિયાન ઘર અને ઓફિસની સફાઈ દરમિયાન આવો વેસ્ટ નીકળતો હોય છે. નજીવી રકમ માટે આપણે આવો વેસ્ટ ફેરિયાઓને આપી દઈએ છીએ. આ લોકો તેમને ઉપયોગી હોય તેવી ચીજ વસ્તુઓ કાઢી લઈ બાકીનો કાટમાળ ગમેત્યાં ફેકીદઈ પ્રદુષણ કરતા હોય છે.

ઘરમાંથી નીકળતા આ ઈ-વેસ્ટમાં ઘણી હેવી મેટલ્સ અને રસાયણો હોય છે જે જોખમી અને નુકશાનકારક હોય છે.

તેથી આ ઈ-વેસ્ટનું યોગ્ય રીતે વ્યવસ્થાપન થવું જોઈએ. ઈ-વેસ્ટ કલેક્શન અભિયાન દરમિયાન એકત્રિત થયેલ સામાન સરકાર માન્ય રીસાયકલર ધ્વારા જ તેનો યોગ્ય નિકાલ થાય છે. ગાંધીનગરના પર્યાવરણની જાળવણી માટે ગાંધીનગરના નાગરિકોને આ અભિયાનમાં જોડાવવા નમ્ર અપીલ છે.

તારીખ. ૧૪/૧૦/૨૦૨૨ થી ૨૨/૧૦/૨૦૨૨ ના રોજ સમય સવારે ૧૦:૩૦ થી સાંજના ૪:૩૦ વાગ્યા સુધી નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, બ્લોક નંબર-૬૧/૧, ઘ-ટાઈપ, સેકટર-૨૩,લગ્નવાડી ની બાજુમાં, ગાંધીનગર ખાતે ઈ-વેસ્ટ સ્વીકારવામાં આવશે.અને જમા કરાવેલ ઈ-વેસ્ટનું નિયમ મુજબ ટોકન વળતર તથા પહોચ પણ આપવામાં આવશે.

આ અભિયાનમાં ગાંધીનગરની જાણીતી સંસ્થાઓ જેવી કે ગાંધીનગર સમાચાર,ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, નેચર ફર્સ્ટ,ગાંધીનગર. લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના,રેડ ક્રોસ સોસાયટી,ગાંધીનગર.આત્મન ફાઉન્ડેશન ગાંધીનગર,જ્યોતિ મહિલા મંડળ,ગાંધીનગર,રોટરી ક્લબ ઓફ કેપિટલ,ગાંધીનગર,ત્ર.જી.ટ-સંગીની ફોરમ,ગાંધીનગર, ઉમિયા માતાજી સંસ્થાન,ગાંધીનગર, સૌરાષ્ટ્ર કરછ સેવા સમાજ,ગાંધીનગર. ગાંધીનગરમાં સેવારત અન્ય સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ પણ આ અભિયાનમાં જોડાય તે માટે નમ્ર અપીલ કરવામાં આવે છે.

વધુ વિગત માટે સંપર્કઃ યશ બોરીશા- ૯૦૯૯૯ ૨૪૦૮૧, શિવાંગ પટેલ- ૯૦૯૯૩૮૨૯૩૬, ટોલ ફ્રી. નં. ૧૮૦૦ ૮૩૩ ૧૦૯૦

ભરોસાની ભાજપ સરકાર

રાજયના ૧૮૨ વિધાનસભામાં LED રથ(પ્રચાર વાહન)નું પેજ સમિતિના પ્રણેતા એવા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ અને રાજયના મ્રુદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા ફ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવ્યું

આજે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા રાજયના ૧૮૨ વિધાનસભામાં LED રથ(પ્રચાર વાહન)નું પેજ સમિતિના પ્રણેતા એવા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ અને રાજયના મ્રુદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા ફ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવ્યું. આ રથ કેન્દ્ર અને રાજય સરકારની પાંચ વર્ષના કામની સિદ્ધીઓ અને વિવિધ યોજનાઓની માહીતી વિધાનસભા દીઠ પહોંચાડશે.

LEDરથ ફ્લેગઓફ પ્રસંગે પ્રદેશ ઉપપ્રમુખશ્રી ગોરધનભાઈ ઝડફિયા, પ્રદેશ ઉપપ્રમુખશ્રી વર્ષાબેન દોશી, પ્રદેશ મહામંત્રીશ્રી ભાર્ગવભાઈ ભટ્ટ, પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલા, રાજયના મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ગાંધીનગરનાં પ્રમુખશ્રી રૂચિરભાઈ ભટ્ટ, મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, પ્રદેશ સહ પ્રવક્તાશ્રી ડૉ.ઋત્વિજ પટેલ, પ્રદેશ મીડિયા વિભાગના કન્વીનરશ્રી ડો.યજ્ઞેશભાઇ દવે ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમ સંદર્ભે પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઈ ઝડફીયાજીએ પત્રકાર પરિષદને સંબોધી હતી.

શ્રી ગોરધનભાઈએ પ્રેસ મીડિયાને સંબોધતા જણાવ્યું કે, ભારતીય જનતા ગુજરાત પ્રદેશ પ્રજા સાથે સંવાદ કરવા વર્ષોથી વિવિધ યાત્રાઓ નીકાળી રહ્યા છે. આ વખતે ગુજરાત ગૌરવ યાત્રા અંતર્ગત પાંચ વિવિધ યાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જે થકી રાજયના તમામ ગ્રામીણ વિસ્તારોને કવર કરવામાં આવશે અને રાજયની ૧૪૪ વિધાનસભા વિસ્તારમાં યાત્રા ફરશે. આજે જે ન્ઈઢ રથને પ્રસ્થાન કરાવ્યું છે તે રથ આગામી ચૂંટણી સુધી એક એક વિધાનસભામાં મહોલ્લે-મહોલ્લે, ગામડે-ગામડે, શહેરે-શહેરે રાજય અને કેન્દ્ર સરકારના કામોનો રીપોર્ટ પ્રજા સમક્ષ રજુ કરશે.

શ્રી ગોરધનભાઈ ઝડફિયાએ વધુમાં જણાવ્યું કે, રાજનીતિક જીવનમાં પ્રજાએ આપેલ મેન્ડેટ પછી પ્રજાની અપેક્ષા પર ખરા ઉતરવાની જવાબદારી સત્તા પક્ષની હોય છે.

ભારતીય જનતા પાર્ટી હરહંમેશ પ્રજાની સાથે પ્રજાની પડખે ઉભી રહીને સેવાકાર્ય કરે છે. ભારતીય જનતા પાર્ટીનીકેન્દ્ર સરકાર અને રાજયસરકારની વિવિધ યોજનાઓ પ્રજા સુધી પહોંચે અને તેના મહત્તમ લાભો લાભાર્થીઓને મળી રહે તે હેતુથી આ યાત્રાઓ તેમજ ન્ઈઢ પ્રચાર રથનું ખુબ મહત્વ છે.

આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશ મીડિયા વિભાગના કન્વીનરશ્રી ડો.યજ્ઞેશભાઇ દવે, પ્રદેશના સહ પ્રવકતશ્રી ડો.ઋત્વિજભાઇ પટેલ, પ્રદેશ મીડિયા વિભાગના સહ કન્વીનરશ્રી ઝૂબિનભાઇ આસરા ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)

Right to Education (RTE) યોજના અંતર્ગત સ્લમ વિસ્તારના છાપરામાં રહેતા અને આર્થિક પછાત પરિવારના બે બાળકોના સપનાને પાંખો મળી

'અમારા વહાલા મોદી દાદા (મા.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી) એ અમારુ ભણવાનું સપનું પુરુ કર્યુ છે, જે બદલ દાદાનો ખુબખુબ આભાર' ભણી ગણીને હું પણ મારા મમ્મી - પપ્પા ને સારુ જીવન આપવા માંગુ છું અને ગરીબ બાળકોને મફત શિક્ષણ આપી એમને પણ જીવનમા આગળ વધારવા માંગુ છું.

ગાંધીનગર સેક્ટર-૨૪ ના સાવ સામાન્ય સ્લમ વિસ્તારના છાપરામાં રેહતા અને આર્થિક પછાત પરિવારના બે બાળકો અંજલી ઉંમર-૧૨ વર્ષ અને રોનક ઉંમર-૭ વર્ષના આ બે બાળકો Right to Education (RTE) યોજના અંતર્ગત ખાનગી શાળામાં ધોરણ- ૧ થી ૮ માં વિનામુલ્યે એડમિશન મળેલ છે. આ બાળકોની મુલાકાત લેતા એમના સાથેની વાતચીતમાં જાણવા મળ્યું કે તેમની દીકરી અંજલી કડીની જે.બી.પ્રાઇમરી સ્કુલ અને દીકરો રોનક કડી સર્વે વિદ્યાલય, સેકટર-૨૩ માં અભ્યાસ કરે છે, અને ભણવામાં પણ ખુબજ હોંશિયાર છે.

પિતા રાજેશભાઈ સાથેની વાતચીત દરમ્યાન તેમણે પણ આ વાત જણાવેલ કે, તેમનાં દિકરા અને દિકરી ભણવામાં ખુબ પાવરધા હોવા છત્તા આર્થિક નબળાઈના કારણે અમતને એમના સારા ભણતરની ચિંતા સતાવતી હતી.સૌથી મોટી દિકરી પુનમને યોજનાની જાણકારીના અભાવે તથા આર્થિક સ્થિતી કફોડી હોવાને કારણે સરકારી શાળામાં મુકી હતી આજે એ પણ સારો અભ્યાસ કરેજ છે પણ બીજાના બાળકોને જયારે સારી સ્કુલમાં જતા જોતા ત્યારે અમારા ધુળમાં એકડો પાડતા અને એકધારા સ્કુલ બસને નિહાળતા દિકરા દિકરીને જોઈ લાગતું કે અમે પણ અમારા બાળકોને આમજ ભણાવી શક્યે એવુ સપનું જોતા. અને આજ સપનું સરકારનીઈંક્ષરં ઈક્ષ્ઞેઠ્ઠૈહ (ઇઈ) યોજના થી આજે પુરુ થવા પામ્યુ છે. અને તેમનો અભ્યાસ બરાબર ચાલી રહ્યો છે. ઇઈ યોજના હેઠળ સ્કુલમાંએડમિશન મેળવવામાં કોઈ જ તકલીફ પડી નથી.

તેમનાં દીકરા દિકરી ને ઇઈ યોજના અંતર્ગત વિનામુલ્યે આટલી સારી સ્કુલમાં એડમિશન મળવાથી વાલી ખુબ જ ખુશ છે. રાજેશભાઈને શાળાનાં સાહેબ દ્વારા ઇઈ યોજના વિશેની ખબર પડેલ હતી,ત્યારબાદ તેમણે તેમનાં દિકરી અને દિકરાનું ઓનલાઈન ઇઈ ની વેબસાઈટ પર ફોર્મ ભરેલ હતું. ઇઈઅંતર્ગત ફાળવેલ સ્કુલ તેમનાં ઘરની નજીક (૦૧.૦૬ ઢ્ઢ) અંતરે આવેલ હોવાથી તેમને લાવવા-લઈ જવાનીકોઈ તકલીફ પડતી નથી. તેમનાં પરિવારમાં તેઓ ૭ સભ્યો છે અને બધા સાથે રહે છે. પિતા ગાડી ચલાવવાનુ કામ-ગુજરાતી ફિલ્મોમાં નાના-મોટા રોલનો અભિનય કરતાં કલાકાર તરીકે-ગીત ગાવાનું કામ કરેછે.

કાંદિવલીમાં શરદોત્સવના રાસગરબાના વિજેતાઓને ઇનામ અપાયા

કાંદિવલી વેસ્ટના શાંતિલાલ મોદી રોડ પર શ્રી કાંદિવલી વ્યાયામ મંદિર દ્વારા સંચાલિત કાંદિવલી રિક્રિયેશન ક્લબ (કેઆરસી) દ્વારા શરદોત્સવમાં રાસગરબાનું આયોજન કરાયું હતું. કેઆરસીની એન્ટરટેન્મેન્ટ કમિટી દ્વારા ખેલૈયા ગ્રૂપના સથવારે યોજાયેલા આ રાસગરબામાં અનેક ઇનામ અપાયા હતા.

આજે આહવાના ડાંગ દરબાર હોલ ખાતે યોજાશે ભૂલકા મેળો

આહવાઃ તા : ૧૨ઃ ગુજરાત રાજ્ય મહિલા અને બાળ વિકાસ વિભાગ, અને આઈ. સી. ડી. એસ શાખા-આહવા તેમજ ડાંગ જિલ્લા પંચાયત દ્વારા આજે આહવાના ડાંગ દરબાર હોલ ખાતે ભૂલકા મેળો યોજાનાર છે.ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત તેમજ જિલ્લા પંચાયત મહિલા અને બાળ યુવા પ્રવૃત્તિ સિમિતના અધ્યક્ષ શ્રીમતી સારૂબેન એમ વળવીના અધ્યક્ષ સ્થાને આ ભૂલકા મેળાનુ આયોજન કરવામા આવ્યુ છે. મુખ્ય અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

નરેન્દ્ર પવાર, ડાંગ

ડાંગ જિલ્લા આરોગ્ય વિભાગની શ્રેણીબદ્ધ બેઠકોને સંબોધતા ઉચ્ચાધિકારીઓ

આરોગ્યલક્ષી સેવાઓમા સંવેદનશીલતા અને ચોકસાઇ જાળવવાની હિમાયત

આહવાઃ તાઃ ૧૨ : ડાંગ જિલ્લાના આરોગ્ય વિભાગની શ્રેણીબદ્ધ બેઠકોને સંબોધતા ડાંગ કલેક્ટર શ્રી ભાવિન પંડ્યા તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.વિપિન ગર્ગ એ, જિલ્લાની આરોગ્યલક્ષી સેવાઓમા સવેદનશીલતા અને ચોકસાઇ જાળવવાની હિમાયત કરી હતી.

ડાંગ જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી બેઠકોમા આ ઉચ્ચાધિકારીઓએ માતા અને બાલ મૃત્યુના કેસોની સૂક્ષ્મ છણાવટ સાથે, આવા કેસોમા સમયસૂચક્તા સાથે સવેદનશીલતા, અને ચોકસાઇ જાળવવાની તાકીદ કરી હતી. સેવા અને સુશ્રુષા બાબતે આરોગ્યલક્ષી પાયાકિય સુવિધાઓનો વ્યાપ વધારવા સાથે, સેવામા કોઈ ચૂક ન રહી જાય તેની તકેદારી દાખવવાની પણ સંબંધીતોને સૂચના આપી હતી.

અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હિમાંશુ ગામિત તથા RCHO શ્રી ડો.સંજય શાહે શ્રેણીબદ્ધ બેઠકોની કાર્યવાહી સંભાળતા એ.એન.સી. સર્વિસિસ, ક્વોલિટી ઇમ્પ્રૂવમેંટ પ્રોગ્રામ, નેશનલ લેપ્રસી પ્રોગ્રામ, મેલેરિયામુક્ત ભારત અભિયાન, અંધત્વ નિવારણ કાર્યક્રમ, ડિસ્ટ્રિક્ટ ટી.બી.ફોરમ, તમાકુ નિયંત્રણ કાર્યક્રમ, કોવિડ વિક્સિનેસન, જિલ્લા આરોગ્ય સંકલન સમિતિ, એડોલેસન હેલ્થ, પ્રધાનમંત્રીએ માતૃવંદના યોજના, સુમન કમિટિ, તથા સંચારી રોગ જેવા મુદ્દે વિસ્તૃત પ્રેઝન્ટેશન સાથે છણાવટ કરી હતી.

બેઠકમા નિવાસી અધિક કલેક્ટર શ્રી પદ્મરાજ ગાવીત, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ જોશી, જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડો.ભાર્ગવ દવે,જિલ્લા રક્તપિત્ત નિયંત્રણ અધિકારીશ્રી ડો.હર્ષદ પટેલ, ડિસ્ટ્રિક્ટ ક્વોલિટી એન્સ્યોરન્સ મેડિકલ ઓફિસરશ્રી ડો.દિલિપ શર્મા સહિતના અધિકારીઓએ ચર્ચામા ભાગ લીધો હતો.

નરેન્દ્ર પવાર, ડાંગ

બેટ દ્વારકામાં મેગા ડીમોલિસનની કામગીરીને આવકારતું આહીર યુવા સંગઠન-ગુજરાત પ્રદેશ

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ મંત્રી હર્ષ સંઘવીનો આભાર વ્યક્ત કર્યો.

બેટ દ્વારકા,

હિંદુઓનું આસ્થાનું કેન્દ્ર,જગતગુરુ એવા ભગવાન દ્વારકાધીશની કર્મભૂમિ અને અરબી સમુદ્રના છેવાડે આવેલું બેટ દ્વારકા આંતરરાષ્ટ્રીય બોર્ડર પર સ્થિત છે અને કરાચીથી ઘણું નજીક હોવાના કારણે આ અતિ સંવેદનશીલ સ્થળની સુરક્ષા કરવી અત્યંત જરૂરી બની ગઈ છે ત્યારે છેલ્લા અઢી દાયકાથીઅહીંખૂબ મોટા પ્રમાણમાં અમુક ચોક્કસ કોમ્યુનિટીદ્વારા ગેરકાયદેસર દબાણો કરવામાં આવ્યા હતા. જેના લીધે ત્યાં ખૂબ મોટા પ્રમાણમાં અસામાજિક પ્રવૃતિઓ પણ વધી ગઈ હતી.આ બાબતે આહીર યુવા સંગઠનના જાગૃત યુવાનોએદ્વારકાધીશ મંદિર, વહીવટી તંત્ર, રાજ્ય સરકાર તેમજ પી.એમ.ઓ. સુધી રજૂઆતો પણ કરી હતી.

બેટ દ્વારકામાં લાખોની સંખ્યામાં લોકો દૂર-દૂરથી દ્વારકાધીશના દર્શનાર્થે આવતા હોય છે.ત્યારે ત્યાં આવા અસામાજિક તત્વો અને ગેરકાયદેસર દબાણોના કારણે ભક્તોને ખૂબ જ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો સાથે સાથે રાજ્યની સલામતી અને સુરક્ષાને પણ મોટું જોખમ ઊભું થઈ રહ્યું હતું. ત્યારે રાજ્ય સરકાર દ્વારા ઉપરોક્ત તમામ બાબતને ગંભીરતાથી નોંધ લઈને અડધાથી પણ વધારે બેટ દ્વારકામાંગેરકાયદેસરઆચરવામાંઆવેલા દબાણો દૂર કરવા ઓપરેશનમેગા ડિમોલિસનશરૂ કરું હતું.

આહીર યુવા સંગઠન ગુજરાત પ્રદેશ દ્વારા રાજ્ય સરકારની આ કામગીરીને બિરદાવી હતી. અને તેઓએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ,ગૃહ મંત્રી હર્ષ સંઘવી, ગુજરાત પોલીસ તેમજ વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ડો .હરિકૃષ્ણ ડાહ્યાભાઈ સ્વામી સ્કૂલ ફોર મેન્ટલી ડિસેબલડ ના સ્પે.ટીચર નુ દિલ્હી ખાતે સન્માન

તાજેતર મા નવી દિલ્હી ખાતે નેશનલ સેન્ટર ફોર પ્રમોશન ઓફ એમ્પ્લોયમેન્ટ ફોર ડીસેબલડ પીપલ (NCPEDઁ) ના તેર માં NCPEDP- Mphasis Universal Disign Award-2022 ,કે જે ૨૮ Sept, ના રોજ નવી દિલ્હી ખાતે યોજય ગયો જેમા વકિગ પ્રોફેશનલ તરીકે મનોદિવ્યાગ વિધાથીઓ સાથે ના કાયઁ બદલ શહેર ની નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ડો.હરિકૃષ્ણ ડાહ્યાભાઈ સ્વામી સ્કૂલ ફોર મેન્ટલી ડિસેબલડ ના સ્પે.ટીચર શ્રી .નિલેશ પંચાલ ને એવોર્ડ થી સન્માનિત કરવા મા આવ્યા હતા આ પ્રસંગે સંસ્થા ના ટ્રસ્ટીઓ એ ખુશી વ્યક્ત કરી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.